તેજી હોય કે પછી મંદી,
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક
પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને
તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી
સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

ધી ઇકોનોમિક રેવલ્યૂશન

ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા
આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ
ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Wednesday
26.12.2018
Year 06, Issue 316

દૈનિક

● વર્ષ : ૬ ● અંક : ૩૧૬ ● તા.૨૬.૧૨.૨૦૧૮ બુધવાર ● માગશર વદ ૦૪ ● સં. ૨૦૭૫ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

આસામના ડિબ્રુગઢમાં વિશાળ જનસભામાં મોદીએ સિદ્ધિઓ ગણાવી

# હેલિકોપ્ટર કૌભાંડના સૌથી મોટા દોષિતને ભારતમાં લવાયો : મોદી

## બજારની વાત

તા.૨૫.૧૦.૨૦૧૮

**ઈન્ડેક્ષ**

**સેન્સેક્ષ**
૩૫,૪૭૦.૧૫ -૨૭૧.૯૨ (-૦.૭૬%)

**નિફ્ટી**
૧૦,૬૬૩.૫૦ -૯૦.૫૦ (-૦.૮૪%)

**કોમોડીટી**

**ક્રુડ**
૩,૦૭૭.૦૦ -૧૫૯.૦૦ -૪.૯૧

**સોનું**
૩૧,૪૬૦.૦૦ ૨૬૭.૦૦ ૦.૮૬

**ચાંદી**
૩૭,૫૪૧.૦૦ ૨૮૫.૦૦ ૦.૭૬

**નેચરલ ગેસ**
૨૪૮.૮૦-૧૬.૬૦ -૬.૨૫

**ચલણી નાણું**

| | | |
|---|---|---|
| **ડોલર / રૂપિયો** | | |
| ૭૦.૧૪ | -૦.૦૧ | -૦.૦૧ |
| **યુરો / રૂપિયો** | | |
| ૭૯.૫૬ | -૦.૩૫ | -૦.૪૩ |
| **પાઉન્ડ / રૂપિયો** | | |
| ૮૯.૩૦ | +૦.૧૧ | ૦.૧૩ |

## એકલા આસામમાં ૩૨ લાખ શૌચાલય બનતા સ્વચ્છતા માટે ટકાવારી ૫૮ ટકા થઈ : આસામમાં વીજળીકરણનું ૯૦ ટકા કામ પૂર્ણ : ભ્રષ્ટાચાર રોકાય

એજન્સી દ્વારા
ડિબ્રુગઢ, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આસામમાં બ્રહ્મપુત્રા નદી ઉપર બનેલા દેશના સૌથી લાંબા રેલ-રોડ બ્રિજનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પુલનું ઉદ્‌ઘાટન કર્યા બાદ મોદીએ વિશાળ જનસભાને પણ સંબોધી હતી. મોદીએ પોતાના સંબોધનમાં સરકારની સિદ્ધિઓની વાત કરી હતી. સાથે સાથે કહ્યું હતું કે આજનો દિવસ ઐતિહાસિક દિવસ છે. અહીંના તમામ લોકોને તેઓ રેલ-રોડ બ્રિજ માટે અભિનંદન આપે છે. સંબોધનની શરૂઆત મોદીએ આસામની ભાષામાં કરી હતી. મોદીએ કહ્યું હતું કે સુશાસન માટે જાણિતા રહેલા વાજપેયીનો આજે જન્મ દિવસ છે. આ બ્રિજ માત્ર એક બ્રિજ નથી બલ્કે આસામ અને અરૂણાચલના લોકો માટે લાઈફ લાઈન સમાન છે. આ બ્રિજના પરિણામ સ્વરૂપે ઈટાનગર-ડિબ્રુગઢ



વચ્ચે અંતર ૨૦૦ કિમીથી પણ ઓછું કરવામાં આવ્યું છે. મોદીએ યાદ અપાવતા કહ્યું હતું કે આશરે ૧૬ વર્ષ પહેલા વાજપેયી અહીં આવ્યા હતા. તેમનું સપનું હતું કે બોગી બિલ બ્રિજનો વિકાસ કરવામાં આવે. આ બ્રિજ તેમને શ્રદ્ધાંજલિ છે. જ્યારે ૨૦૦૪માં વાજપેયીની સરકાર જતી રહી હતી ત્યારે વિકાસ સાથે જોડાયેલા અનેક પ્રોજેક્ટો પણ રોકાઈ ગયા હતા. મોદીએ ઉમેર્યું હતું કે ૨૦૧૪માં તેમની સરકાર બન્યા બાદ તમામ પ્રોજેકટોને ફરી હાથ ધરવામાં આવ્યા હતા. તમામ અડચણો દુર કરવામાં આવી હતી. ૬૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે આ બ્રિજને દેશને સમર્પિત કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યું હતું કે આવી યોજનાઓમાં થનાર વિલંબના લીધે ભારતના વિકાસ ઉપર પ્રતિકુળ અસર થાય છે. જ્યારે અમે જવાબદારી સંભાળી ત્યારે યોજનાઓમાં તેજી લાવવાનો નિર્ણય કર્યો હતો. ઝડપથી કામગીરી હાથ ધરવામાં આવી હતી. જન જનની સુનાવણી અને ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવી રહી છે. મોદીએ કહ્યું હતું કે ૩૨ લાખ શૌચાયલ આસામમાં બની ચુક્યા છે. જેના પરિણામ સ્વરૂપે સ્વચ્છતાની હદ ૩૮ ટકાથી વધીને ૫૮ ટકા સુધી પહોંચી ગઈ છે. વીજળીકરણની હદ ૫૦ ટકાથી વધીને ૯૦ ટકા સુધી પહોંચી ગઈ છે.

કોઈ સમય એવો હતો જ્યારે બેન્કોમાં લોકોના ખાતા જ ન હતા. દોઢ કરોડ ખાતા આસામમાં અમારી સરકાર દ્વારા ખોલવામાં આવી ચુક્યા છે. ગરીબોનું, શોષિતોનું, વંચિતોનું સૌથી વધારે નુકસાન ભ્રષ્ટાચારના કારણે થાય છે. ભ્રષ્ટાચાર ગરીબ પાસેથી અધિકાર આંચકી લે છે. છેલ્લા ચાર વર્ષની અંદર અમારી સરકાર ગરીબોને અધિકાર અપાવી રહી છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલિકોપ્ટર સોદાબાજીના મામલામાં વચેટીયા ક્રિશ્ચિયન મિશેલ અંગે મોદીએ કહ્યું હતું કે હેલિકોપ્ટર કૌભાંડમાં સૌથી મોટા આરોપીને ભારત લઈ આવવામાં આવશે તેવું ક્યારેય પણ વિચાર્યું ન હતું પરંતુ તેમની સરકારે આ તમામ પ્રયાસો કર્યા હતા. જેના લીધે મિશેલને ભારત લવાયો છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે ભ્રષ્ટાચાર ખતમ થતા દેશમાં પ્રગતિ થાય છે. અમારી રમતો પણ તેની અસર જોવા મળી રહી છે. આસામ સહિત દુરગામી ગામોના યુવાનો આજે દેશનું નામ રોશન કરી રહ્યા છે. મોદીએ અગાઉની સરકારો ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે એકબાજુ તેમની સરકાર મહિલાઓને, યુવાનોને રોજગારી માટે મુદ્રા યોજના હેઠળ બેન્ક ગેરન્ટી વગર સાત લાખ કરોડ રૂપિયાની લોન આપી ચુકી છે. બીજી બાજુ પહેલાની સરકારોએ બેન્કોના જે લાખો કરોડ રૂપિયા ફગાવી દીધા હતા તે પૈકી ત્રણ લાખ કરોડ રૂપિયા તેમની સરકાર પરત લાવી શકી છે. અગાઉની સરકારોની સરખામણીમાં ખૂબ ઝડપથી કામ થઈ રહ્યા છે.



ઈંધણથી ચાલતા વાહનોનો ઉપયોગ ઓછો કરવા નેધરલેન્ડ સાયકલિંગને પ્રમોટ કરી રહ્યું છે. દેશની કુલ વસ્તી હાલ લગભગ ૧.૭ કરોડ છે, જ્યારે સાયકલોની સંખ્યા લગભગ ૨.૩ કરોડ છે. સરકાર પોતાના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવા લગભગ ૨૭૦૦ કરોડ રૂપિયા (૩૯ કરોડ ડોલર) ખર્ચ કરી રહી છે,

પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ વધુ સાત પૈસાનો ઘટાડો કરાયો

# પેટ્રોલ-ડિઝલના ભાવ સૌથી નીચી સપાટીએ પહોંચ્યા : લોકોને રાહત

## ડિઝલની કિંમત યથાવત રાખવા માટે નિર્ણય કરાયો : ક્રૂડ અને રૂપિયા-ડોલર એક્સચેંજ રેટના આધાર પર કિંમતોમાં ફેરફાર થઈ રહ્યો છે : ક્રૂડ પર નજર

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૨૫

પેટ્રોલની કિંમતો હવે વર્ષ ૨૦૧૮ની સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે જ્યારે ડિઝલની કિંમતો પણ માર્ચ મહિના બાદથી સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. આના કારણે સામાન્ય લોકોને મોટી રાહત મળી ગઈ છે. મેટ્રો શહેરો અને અન્યત્ર પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ સાત પૈસાનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે જ્યારે ડીઝલની કિંમતો સોમવારની સરખામણીમાં આજે કોઈ ફેરફાર કર્યા વગર યથાવત રાખવામાં આવી હતી. પેટ્રોલ અને ડિઝલની કિંમતોની હાલમાં દરરોજના આધાર પર સમીક્ષા કરવામાં આવી રહી છે. વહેલી સવારે નવી કિંમતોને અમલી કરવામાં આવી રહી છે. ડિઝલની કિંમત ૧૮મી માર્ચ બાદથી સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. વૈશ્વિક તેલ કિંમતો એક વર્ષના ગાળામાં સૌથી નીચી સપાટીએ પહોંચી ગઈ છે. બેંચમાર્ક બ્રેન્ટમાં પણ કિંમતો ઘટી છે. ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં તેમાં ૪૦ ટકાનો ઘટાડો થયો છે. શેરબજારમાં જુદા જુદા પરિબળોની અસર જોવા મળી રહી છે. રૂપિયો સોમવારના દિવસે ૭૦.૧૪ની સપાટીએ રહ્યો હતો. આ વર્ષે ડોલર સામે રૂપિયામાં ૯.૮ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે.

ઈક્વિટી, મની અને કોમોડિટી ફ્યુચર માર્કેટમાં સતત ઉથલપાથલ જોવા મળી રહી છે. આજે મંગળવારના દિવસે બજારોમાં રજા રહી હતી. ડીઝલની કિંમતમાં પણ રાહતનો સિલસિલો જારી રહ્યો છે. આજે બ્રેન્ટ ક્રુડની કિંમત પ્રતિ બેરલ ૫૪ ડોલરથી પણ નીચે પહોંચી ગઈ છે. ભારતમાં રિટેલ તેલ કિંમતો આંતરરાષ્ટ્રીય તેલ કિંમતો અને ડોલર-રૂપિયા એક્સચેંજ રેટ ઉપર આધારિત રહે છે. ઓક્ટોબર મહિનામાં સૌથી ઉંચી સપાટી પર પહોંચી ગયા બાદથી તેમાં ૩૧ ટકાથી વધુનો ઘટાડો કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં તેલ કિંમતોમાં વધુ ફેરફાર કરવામાં આવી શકે છે. ભાવમાં ફેરફાર કરવાનો સિલસિલો જારી રહ્યો છે. તેલ કિંમતોમાં સતત ફેરફારના કારણે લોકોમાં દુવિધા છે. જો કે હાલમાં કિંમતો સતત ઘટી ગઈ હતી. જેના કારણે વાહન ચાલકો અને સામાન્ય લોકો હવે રાહત અનુભવી રહ્યા છે.ડોલરની સામે રૂપિયા પર જે અસર થઈ રહી છે તેના લીધે તેલ કિંમત બદલાઈ રહી છે.સતત ઘટાડાના કારણે એકબાજુ ડીઝલની કિંમત હવે ત્રણ મહિનાની નીચી સપાટી પર પહોંચી છે. આવી જ રીતે પેટ્રોલની કિંમતમાં આઠ મહિનાની નીચી સપાટી જોવા મળી રહી છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં ફ્યુઅલની કિંમતમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આ સપ્તાહના ગાળામાં જ ડોલર સામે રૂપિયો બે ટકા સુધી મજબૂત થયો છે. તેલ કિંમતો આગામી દિવસોમાં વધુ ઘટે તેવા સંકેત મળી રહ્યા છે. છેલ્લા બે મહિનાના ગાળામાં આશરે ૩૧ ટકાનો ઘટાડો કરવામાં આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય ક્રુડ કિંમતોને વર્તમાન સપાટી પર સ્થિર કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા થોડાક દિવસના ગાળામાં જ ડોલર સામે રૂપિયામાં ત્રણ ટકાથી વધુનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે. તેલ કિંમતોને સંવેદનશીલ ગણવામાં આવે છે.

મંગળવારે પેટ્રોલ-ડીઝલના ભાવ

# તેલ કિંમતમાં વધુ ઘટાડો

**નવી દિલ્હી, તા.૨૫**

**પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આજે ઘટાડો કરવામાં આવ્યો હતો. કિંમત નીચે મુજબ છે.**

**પેટ્રોલના ભાવ**

| મેટ્રો | ભાવ (લીટરમાં) |
|---|---|
| દિલ્હી | ૬૯.૭૯ |
| મુંબઈ | ૭૫.૪૧ |
| ચેન્નાઈ | ૭૨.૪૧ |
| કોલકત્તા | ૭૧.૮૯ |

**ડિઝલના ભાવ**

| | |
|---|---|
| દિલ્હી | ૬૩.૮૩ |
| મુંબઈ | ૬૬.૭૯ |
| ચેન્નાઈ | ૬૭.૩૮ |
| કોલકત્તા | ૬૫.૫૯ |

હાલમાં રોજગારીને લઈને ટિકા બાદ પ્રાથમિકતા

# રોજગારીની તકો ઉભી કરવા પર બજેટમાં ખાસ ધ્યાન હશે

## જવાન, યુવાનો, ખેડુતો અને કર્મચારીઓ પર ધ્યાન રહેશે

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૨૫

કેન્દ્રિય નાણાંપ્રધાન અરૂણ જેટલી પહેલી ફેબ્રુઆરીના દિવસે વચગાળાનુ બજેટ રજૂ કરનાર છે ત્યારે બજેટમાં ક્યા ક્યા પગલા લેવામાં આવનાર છે તેના પર તમામનુ ધ્યાન કેન્દ્રિત થઈ ગયુ છે. વર્તમાન સરકારનુ આ અંતિમ બજેટ રહેશે. બજેટમાં રોજગારીની વધુ તક ઉભી કરવાના મામલે મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવનાર છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે બજેટ ઐતિહાસિક સાબિત થાય તેવી શક્યતા છે. બજેટમાં જવાનો, યુવાનો, ખેડુતો અને કર્મચારીઓ પર ખાસ ધ્યાન આપવામાં આવનાર છે. નરેન્દ્ર મોદી સરકારે બજેટને લોકલક્ષી બનાવવા માટે તૈયારી કરી છે. હાલમાં ત્રણ રાજ્યોમાં ચૂંટણીમાં હાર થયા બાદ તેમાં ખેડુતો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી શકે છે. નિષ્ણાંતો કહી રહ્યા છે કે નોટબંધી અને જીએસટી બાદ સામાન્ય લોકોની તકલીફને ઓછી કરવા અને વધારે રાહત આપવા માટે બજેટમાં ઈન્ડસ્ટ્રીઝ અને ખેડુતો પર ખાસ ધ્યાન આપવામાં આવનાર છે. તેમની અપેક્ષાને પૂર્ણ કરવા માટે જુદા જુદા સેક્ટરોના પ્રતિનિધીઓ પોત પોતાની રજૂઆત કરી ચુક્યા છે. અગાઉ ક્યારેય નહી લેવામાં આવેલા પગલા હવે લેવાઈ રહ્યા છે. ગરીબ વર્ગને વધારે પ્રાથમિકતા બજેટમાં આપવામાં આવનાર છે. ટેક્સ ટાઈલ, એન્જિનિયરિંગ, મેન્યુફેકચરિંગ, પ્રોસેસિંગ, પંપ મોટર્સ સહિતના ક્ષેત્રો દ્વારા તેમની રજૂઆત કરવામાં આવી ચુકી છે. સરકાર બજેટમાં મુખ્યરીતે સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરનાર છે. એલપીજી સબસિડી છોડી દેવા પર પણ ધ્યાન આપવામાં આવે તેવી શક્યતા છે. યુવાનો રોજગારીને લઈને પરેશાન દેખાઈ રહ્યા હતા. આવી સ્થિતીમાં વર્તમાન સરકારના અંતિમ બજેટમાં મોદી સરકાર તમામ વર્ગને પ્રભાવિત કરવાના ઈરાદા સાથે બજેટ રજૂ કરી શકે છે.રોજગારીને લઈને નિરાશાજનક ચિત્ર રહ્યુ છે. રોજગારીના મોરેચે સરકારને અનેક પહેલ કરવાની તાકીદની જરૂરીયાત દેખાઈ રહી છે. હાલની ચૂંટણી દરમિયાન કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ રાહુલ ગાંધીએ રોજગારી, જીએસટી અને નોટબંધીના મુદ્દે પ્રહારો કર્યા છે.

વાજપેયી હમેંશા તમામ માટે પ્રેરણાસમાન રહેશે

# શબ્દના જાદુગર વાજપેયીના જન્મદિવસે વિવિધ કાર્યક્રમો

## ૧૬મી ઓગષ્ટ ૨૦૧૮ના દિવસે વાજપેયીનુ નિધન થયુ હતુ : તેમનુ તેજસ્વી વ્યક્તિત્વ હમેંશા માર્ગદર્શન આપશે

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૨૫

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને આજે તેમના જન્મદિવસ પર યાદ કરવામાં આવ્યા હતા. વાજપેયીને શ્રદ્ધાંજલિ સ્વરૂપમાં કેટલાક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. વાજપેયીના જન્મદિવસની ઉજવણી સુશાસન દિવસ તરીકે પણ કરવામાં આવે છે. વાજપેયીના યશસ્વી અને તેજસ્વી વ્યક્તિત્વને દેશના લોકો ક્યારેય ભુલી શકશે નહીં. તેમનાથી લોકોને હમેંશા પ્રેરણા મળતી રહેશે. વિરોધી લોકો પણ વાજપેયીને સાંભળી લેવા માટે હમેંશા ઉત્સુક રહેતા હતા. શબ્દના જાદુગર તરીકે તેમને લોકો ગણે છે. ૨૫મી ડિસેમ્બર ૧૯૨૪ના દિવસે જન્મેલા વાજપેયીનુ ૧૬મી ઓગષ્ટ ૨૦૧૮ના દિવસે અવસાન થયુ ત્યારે દેશના લોકો આઘાતમાં ગરકાવ થઈ ગયા હતા. વાજપેયી એવા નેતા તરીકે હતા જે વિપરિત વિચારધારાના લોકોને એક સાથે લઈને ચાલ્યા હતા. સાથે સાથે ગઠબંધન કરીને મજબુત સરકાર બનાવી હતી. વાજપેયી પોતાની ટિકા સાંભળી લેવાની હિમ્મત રાખતા હતા. અટલ બિહારી વાજપેયીનો જન્મ ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના દિવસે ગ્વાલિયરમાં થયો હતો. વાજપેયી આજીવન બેચલર તરીકે રહ્યા હતા. પરંતુ પુત્રી નમીતાને તેઓ દત્તક તરીકે લીધી હતી.નાની વયમાં જ વાજપેયીએ બ્રિટીશ શાસનનો વિરોધ કરવા બદલ જેલની સજા પણ ભોગવી હતી. વડાપ્રધાન તરીકેની તેની સેવા અભૂતપૂર્વ રહી હતી. વાજપેયી ભારતના ત્રણ વખત વડાપ્રધાન બન્યા હતા. મે ૧૯૯૬માં વડાપ્રધાન તરીકેની તેમની પ્રથમ અવધિ ટૂંકી રહી હતી. પ્રથમ અવધિ ૧૫ દિવસની રહી હતી. જ્યારે બીજી અવધિ ૧૯૯૮માં શરૂ થઈ હતી પરંતુ આ અવધિ ૧૩ મહિના સુધી ચાલી હતી. તે વખતે સ્વ. જયલલિતાએ ટેકો પાછો ખેંચી લીધો હતો. તેમની ત્રીજી અવધિ ૧૯૯૯માં શરૂ થઈ હતી જે સંપર્ણ પાંચ વર્ષ સુધી ચાલી હતી. તેમની સંસદીય કારકિર્દી પાંચ દશક સુધી રહી હતી. તેઓ લોકસભામાં ૧૦ વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા. જ્યારે રાજ્યસભામાં બે વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા.

સ્નાઈપિંગ હુમલામાં બે જવાન શહીદ થયા હતા

# સ્નાઈપિંગ હુમલાનો જવાબ અપાશે : સેનાનો સ્પષ્ટ સંકેત

એજન્સી દ્વારા
નવી દિલ્હી,તા. ૨૫

સરહદ પર સ્નાઈપર્સની મદદથી ભારતના જવાનોને ટાર્ગેટ બનાવવાના કૃત્યો પાકિસ્તાન દ્વારા જારી રાખવામાં આવ્યા છે. આના કારણે ભારે ખળભળાટ મચી ગયો છે. હુમલાના કારણે નારાજ ભારતીય સેનાએ કહ્યુ છે કે આ પ્રકારના હુમલાનો બદલો લેવામાં આવનાર છે. સેનાએ સ્નાઈપર ઓપરેશનની તુલના જવાનોના મનોબળને તોડી પાડવા માટેના કૃત્ય તરીકે ગણાવીને આની નિંદા કરી છે. ભારતીય સેવાએ કહ્યુ છે કે આનો બદલો લેવામાં આવનાર છે. કાશ્મીરના કુપવાડા જિલ્લામાં હુમલામાં સેનાના બે જેસીઓ શહીદ થયા હતા. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે એલઓસી પર જવાનો અને કમાન્ડોના હુમલાના કારણે પરેશાની વધી રહી છે. હવે ભારતીય સેના શહાદતનો બદલો લેવા માટે તૈયાર છે. જો કે બદલા માટે સમય અને જગ્યા ભારતીય સેના દ્વારા નક્કી કરવામાં આવનાર છે. ભારતીય સેનાને ગુપ્ત રીતે ટાર્ગેટ પાકિસ્તાની સેના દ્વારા વારંવાર કરવામાં આવે છે. ત્રાસવાદીઓને દેશમાં ઘુસાડી દેવાના હેતુથી એક પછી એક હુમલા પાકિસ્તાન દ્વારા સરહદ પર કરવામાં આવે છે. જવાનોના ધ્યાનને ભંગ કરીને ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના પ્રયાસ કરવામાં આવે છે. જો કે આ વર્ષે મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, એલઓસી પર જવાનો અને કમાન્ડરોના સ્નાઈપિંગ, મોર્ટાર, લાઈટ આર્ટીલરી અને એન્ટી ટેંક ગાઈડેડ મિસાઈલના ઉપયોગથી વધારે ભય જાગે છે. આવી સ્થિતિમાં ભારતીય સેના પોતાના જવાનોની શહાદતનો બદલો લેવા માટે તૈયાર છે. એક બાબત એવી પણ છે કે, સેનાની પાસે હજુ રશિયન બનાવટની જુની ૭૬૨ એમએમ ડ્રેગનોવ સેમિ ઓટોમેટિક સ્નાઈપર રાયફલ છે. આની રેંજ ૮૦૦ મીટર છે. ૧૯૬૦ના દશકમાં આની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી.

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

ગુજરાત સરકારે છેલ્લાં ૪૮ વર્ષથી તુણા બંદરેથી થતી પશુઓની નિકાસ બંધ કરવાનો આદેશ આપ્યો છે.સરકારે પ્રતિબંધ મૂકતાની સાથે જ આરબ દેશોમાં પશુઓની નિકાસ કરતાં બંદરોની આસપાસ ૨૪ કલાક માટે પોલીસ તૈનાત કરી દેવાઈ છે.ઉપરાંત પશુઓ લઈને જતાં ટ્રકોની અવરજવર પર પ્રતિબંધ મૂકી દેવાયો છે.સરકારે દુષ્કાળગ્રસ્ત જિલ્લાઓમાંથી બીજા જિલ્લામાં પાલતું પશુઓની હેરાફેરી પર પણ પ્રતિબંધ મૂકી દીધો છે.સરકારના પ્રતિબંધની સૌથી વધારે અસર દુષ્કાળગ્રસ્ત કચ્છ પર પડી છે.અહીંના માલધારીઓ અને ખાસ કરીને ઘેટાં-બકરાં રાખતા લોકોની મુશ્કેલીઓ વધી ગઈ છે.અમદાવાદની બકરામંડીમાં આવેલા પશુપાલકોને પોલીસના ડરથી છુપાઈને બેસી રહેવું પડે છે.જોકે, સરકારના નવા નિયમ બાદ હવે બકરામંડી અઠવાડિયામાં માત્ર બે દિવસ જ ખુલે છે અને બાકીના દિવસે બંધ રહે છે.જેના કારણે ઘેટાં-બકરાંનું વેચાણ પણ ઘટી ગયું છે અને અહીં બકરાં ભરવા આવેલી ટ્રકો ખાલી પડેલી દેખાય છે.અમદાવાદની બકરામંડીમાં ગુજરાત અને રાજસ્થાનથી ઘેટાં-બકરાં વેચવા માટે લાવવામાં આવે છે.ગુજરાત સરકારે રાતોરાત ગુજરાતનાં બંદરો પરથી કેન્દ્ર સરકારનો નવો આદેશ ના આવે ત્યાં સુધી ઘેટાં-બકરાંની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો અને પશુઓની એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં હેરફેર પર પણ પ્રતિબંધ મૂક્યો છે.તેમના કહેવા મુજબ આ નિર્ણયના કારણે ગુજરાતને કરોડોનું નુકસાન થશે.રાજસ્થાન, ગુજરાત અને મુંબઈના લાઈવ સ્ટૉકના નિકાસકારો અમદાવાદથી ઘેટાં-બકરાં ખરીદીને યૂએઈ, શારજાહ અને ઓમાનમાં મોટાપાયે નિકાસ કરે છે.આ વ્યવસાય સાથે અંદાજે ૪૦,૦૦૦ જેટલા પરિવારો જોડાયેલા છે, જેમનું ગુજરાન આ વ્યવસાય પર આધારિત છે. પ્રતિબંધ બાદ ઘેટાં-બકરાંનો ઉછેર કરતા પરિવારોનું શું થશે? તેમની રોજી-રોટીનું શું થશે? ઉપરાંત આ વ્યવસાય સાંથે સંકળાયેલા ટ્રાન્સપોર્ટરો માટે પણ વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ નથી.અર્થશાસ્ત્રી કહે છે કે સરકાર માંસની નિકાસ કરીને નાણાં કમાવા માગે છે પણ લાઈવ સ્ટૉક પર પ્રતિબંધ મૂકે છે, એ વાત સમજાતી નથી.તેઓ ઉમેરે છે, છેલ્લાં પાંચ વર્ષમાં ભારત માંસની નિકાસમાં બ્રાઝિલ પછી બીજા નંબરે આવી ગયું છે, જીવદયાની વાત હોય તો માંસની નિકાસ પર પ્રતિબંધ મૂકવો જોઈએ.જો કે આમેય કચ્છનાં માલધારીઓ માટે આ વખતનું ચોમાસુ ભયંકર નિવડ્યું છે અને તેઓ હાલમાં રાજ્યનાં અન્ય સ્થળોએ પોતાના પશુઓ લઇ જવા મજબૂર બન્યા છે તેવામાં સરકારનો આ એક ઓર નિયમ તેમના માટે વધારે હાલાકી સર્જનાર બની રહ્યો છે સરકારનો નિર્ણય આગામી લોકસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને કરાયો છે આમેય ત્રણ રાજયો જ્યાં હિન્દુત્વનું કાર્ડ ચલાવવામાં આવ્યું હતું ત્યાં ભાજપને સફળતા મળી નથી ત્યારે ગુજરાત જે મોદી માટે પ્રતિષ્ઠાનો વિષય છે અને અમિત શાહે તો ૨૬ બેઠકો અંકે કરવા માટે રણનીતિઓ સમજાવી છે તેમનાં માટે આગામી લોકસભા ચુંટણીમાં પોતાના હિન્દુ મતદારોને સાચવવા વધારે જરૂરી બન્યા છે તેવામાં રૂપાણી સરકાર પોતાની જાતને જીવદયા પ્રેમી હોવાની છાપ અંકિત કરવા માટે આ પ્રકારનાં પગલા ભરી રહી છે પણ એ હકીકત છે કે તેનાથી તેમને લાભ મળે તેવી શક્યતા નથી કારણકે રાજયમાં અનેક લોકો પશુપાલન સાથે સંકળાયેલા છે અને તેઓ પોતાના પશુઓ સારી કિંમત આવે તે માટે જ ઉછેરતા હોય છે તેવામાં આ નિર્ણયે તેમને મુશ્કેલીમાં મુકી દીધા છે.

# હિંદી બેલ્ટના ત્રણ રાજ્યોની હારના સંકેત

રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢની હાર ભાજપ માટે રાજકીય દ્રષ્ટિએ બેહદ અસામાન્ય બાબત છે. મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ભાજપનું પંદર વર્ષથી શાસન હતું અને રાજસ્થાનમાં ૨૦૧૩ની વિધાનસભામાં ભાજપે ભારે બહુમતીથી જીત મેળવી હતી અને ૨૦૧૪ની લોકસભામાં ભાજપને રાજસ્થાનમાં ૨૫માંથી ૨૫ બેઠકો પ્રાપ્ત થઈ હતી. છત્તીસગઢ અને મધ્યપ્રદેશને ભૂતકાળમાં ગુજરાતની જેમ ભાજપશાસિત મોડલ સ્ટેટ તરીકે ૨૦૧૨ પહેલા પ્રચારીત કરાયા હતા. જો કે લગન હોય તેના ગાણા ગવાયના અંદાજમાં ૨૦૧૨થી ૨૦૧૪ દરમિયાન ભાજપશાસિત મોડલ સ્ટેટ તરીકે પાર્ટીના તત્કાલિન વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીની આગેવાનીવાળી સરકાર ધરાવતા ગુજરાતને જ પ્રચારીત કરવામાં આવ્યું હતું.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં હિંદી બેલ્ટના મહત્વના આ ત્રણેય રાજયોની કુલ ૬૫ લોકસભા બેઠકોમાંથી ભાજપને ૬૨ પર જીત મળી હતી. રાજસ્થાનમાં ૨૫માંથી ૨૫, મધ્યપ્રદેશમાં ૨૯માંથી ૨૭ અને છત્તીસગઢમાં ૧૧માંથી ૧૦ બેઠકો ભાજપને મળી હતી. નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવામાં ઉત્તરપ્રદેશની ૮૦માંથી ૭૩ બેઠકો પર એનડીએની જીત બાદ સૌથી મોટું બીજું યોગદાન હિંદી બેલ્ટના આ ત્રણેય રાજ્યોનું રહ્યું હતું.

આ ત્રણેય રાજ્યોમાં અંદાજે ૯૦ ટકા કે તેથી વધારે પ્રમાણ હિંદુઓનું છે. મધ્યપ્રદેશમાં ૬.૫ ટકા, છત્તીસગઢમાં બે ટકા અને રાજસ્થાનમાં નવ ટકા જેટલા મુસ્લિમો વસવાટ કરે છે. આંગળીના વેઢે ગણાય તેટલી બેઠકો પર મુસ્લિમ મતદાતાઓ નિર્ણાયક છે. આ ત્રણેય રાજ્યોમાં આરએસએસ-વીએચપી દ્વારા રામમંદિર નિર્માણ માટે આંદોલન છેડવાની કોશિશો થઈ હતી. આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવતથી માંડીને યોગી આદિત્યનાથ અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ સુધીના નેતાઓએ અયોધ્યામાં રામમંદિર નિર્માણ માટે નિવદેનો આપ્યા હતા. પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી વખતે જ અયોધ્યામાં ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગી આદિત્યનાથના કોંગ્રેસને અલી જોઈએ અને ભાજપને બજરંગબલી જેવા નિવેદનો વચ્ચે બજરંગબલીને દલિત ગણાવતું નિવેદન પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત પહેલા જ રાજસ્થાન અને અવિભાજીત મધ્યપ્રદેશ હિંદુત્વની પ્રયોગશાળા તરીકે કથિત સેક્યુલર બુદ્ધિજીવીઓ પ્રચારીત કરતા રહ્યા છે. અન્ય રાજ્યો અને કેન્દ્રીય સ્તર પહેલા આ રાજ્યોમાં ટેક્સ્ટ બુક બદલાઈ ચુકી છે. આ રાજ્યોના આદિવાસી ક્ષેત્રોમાં વનવાસી કલ્યાણ આશ્રમ ખાસું સક્રિય છે. પરંતુ આ ત્રણેય હિંદી બેલ્ટના મહત્વપૂર્ણ રાજ્યોના પરિણામો હિંદુત્વને ડેકોરેટિવ પોલિટિક્સનો ભાગ બનાવીને માત્ર રૂપકો તરીકે ઉપયોગ કરનારા રાજકારણીઓ માટે એક લાલબત્તી સમાન છે. કુલ મળીને ભારતની રાજનીતિના હિંદુકરણને એક મોટો ધક્કો છે અને તેથી જ તેના ગંભીર રાજકીય અર્થો પણ છે. રામજન્મભૂમિ આંદોલનના પ્રારંભે આ રાજ્યોમાં ભાજપને જનતા દ્વારા સત્તા સોંપવાની શરૂઆત થઈ ચુકી હતી. એક રીતે હિંદી બેલ્ટના ત્રણેય રાજ્યો હિંદુત્વની રાજનીતિના ગઢ પણ ગણાતા હતા. તેમ છતાં ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં રાષ્ટ્રવાદના નામે ભાજપને સમર્થન આપનારા ત્રણેય મહત્વપૂર્ણ રાજ્યોમાં ભાજપની હાર હિંદુત્વવાદીઓના અંતરમનમાં નિરાશાનો પણ સંકેત આપે છે. દેવાલય પહેલા શૌચાલયની વાત કરવા છતાં પણ ૨૦૧૪માં હિંદુ મતદાતાઓએ ભાજપને હિંદુ અંતરમનની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે વોટ આપ્યા હતા. પરંતુ હિંદુ અંતરમનની આકાંક્ષાઓની સતત અવગણના થઈ હોવાની એક લાગણી પણ આકાર લઈ ચુકી છે અને કદાચ એટલા માટે જ ભાજપ પર હિંદુ વોટરનો ભરોસો ડગમગવા લાગ્યો હોવાના સંકેત હિંદી બેલ્ટના ત્રણેય રાજ્યોના ચૂંટણી પરિણામોએ સંકેત આપ્યા છે.

ત્રણેય રાજ્યોની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપના વળતા પાણી જોવા મળ્યા છે. જેમાં ૨૦૧૩ની વિધાનસભાની ચૂંટણીમાં ગ્રામીણ રાજસ્થાનમાં ભાજપને ૮૦ ટકા બેઠકો મળી હતી અને ૨૦૧૮માં અહીં ભાજપની બેઠકો માત્ર ૩૧ ટકા થઈ છે. મધ્યપ્રદેશમાં ગ્રામ્ય વિસ્તારોમાં વિધાનસભા બેઠકો ૬૭ ટકામાંથી ઘટીને ૪૨ ટકા પર પહોંચી છે. જ્યારે છત્તીસગઢના ગ્રામ્ય વિસ્તારોમાં ૫૨ ટકાથી ઘટીને ભાજપની બેઠકો ૧૭ ટકા પર પહોંચી છે.

હિંદી બેલ્ટમાં ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય મિજાજના બદલવાના સંકેત તરીકે આ ત્રણેય રાજ્યોના ચૂંટણી પરિણામને જોવાઈ રહ્યા છે. તેમા ખેડૂતોની સમસ્યાઓ અને મિડલ ક્લાસની મુશ્કેલીઓની મોટી ભૂમિકા છે. તેની સામે એસસી-એસટી એક્ટના મામલા સાથે સંબંધિત ઘટનાઓ અને જાતિવાદી રાજકારણની પણ મોટી ભૂમિકા છે.આ ત્રણ રાજ્યો પહેલા જ તેની હારના સંકેત ભાજપને ઉત્તરપ્રદેશ અને બિહારની તમામ પેટાચૂંટણીમાં હાર તરીકે મળી ચુક્યા હતા. યુપીમાં મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથની ગોરખપુર અને નાયબ મુખ્યપ્રધાન કેશવપ્રસાદ મૌર્યની ફૂલપુર લોકસભા બેઠક પરની ભાજપની હાર હિંદુ અંતરમનની આકાંક્ષાઓની અવગણના હોવા બાબતે ભાજપ હાઈકમાન્ડ દ્વારા કોઈ ખાસ ધ્યાન આપવામાં આવ્યું નહીં. ભાજપ કેરાના લોકસભા બેઠકની પેટાચૂંટણીમાં પણ હારી ગયું હતું. કેરાનાથી હિંદુઓના હિજરતના દાવાઓ ખુદ ભાજપના સાંસદ દ્વારા કરવામાં આવ્યા હતા. તેમ છતાં કેરાના બેઠક પર ભાજપની હાર થઈ હતી. આ ત્રણેય બેઠકો હિંદુ બહુલ બેઠકો છે.

કેરાનામાં મુસ્લિમ વોટર્સની સંખ્યા વધારે છે. પણ એટલી પણ નથી કે હિંદુ વોટરની એકજૂટતા સામે ટક્કર લઈ શકે.લોકસભા ચૂંટણી બાદ યોજાયેલી વિધાનસભા ચૂંટણીઓમાં પૂર્વોત્તરના રાજ્યોને બાદ કરતા બાકીના તમામ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળેલા વોટની ટકાવારીમાં ઘટાડો જોવા મળ્યો છે. હરિયાણામાં ૨૦૧૪માં ૩૪.૭ ટકા અને પછી યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ૩૩.૨ ટકા, મહારાષ્ટ્રમાં ૨૦૧૪માં ૨૭.૩ ટકા અને વિધાનસભા ચૂંટણીમાં ૨૭.૮ ટકા, જમ્મુ-કાશ્મીરમાં ૨૦૧૪માં ૩૪.૪ ટકા અને વિધાનસભા ચૂંટણીમાં ૨૩ ટકા વોટ ભાજપને મળ્યા હતા. જ્યારે ઝારખંડમાં ૨૦૧૪માં ભાજપને ૪૦.૧૦ ટકા અને વિધાનસભામાં ૩૧.૩ ટકા, દિલ્હીમાં ૨૦૧૪માં ૪૦.૧૦ ટકા અને ૨૦૧૫ની વિધાનસભાની ચૂંટણીમાં ૩૧.૩ ટકા વોટ ભાજપને મળ્યા હતા. તો બિહારમાં ૨૦૧૪માં ૨૯.૪ ટકા અને ૨૦૧૫ની વિધાનસભામાં ૨૪.૪ ટકા, આસામમાં ૨૦૧૪માં ૩૬.૫ ટકા અને ૨૦૧૫ની વિધાનસભામાં ૨૯.૫ ટકા, પશ્ચિમ બંગાળમાં ૨૦૧૪માં ૧૮ ટકા અને ૨૦૧૬ની વિધાનસભામાં ૧૦.૨ ટકા, ગોવામાં ૨૦૧૪માં ૫૩.૪૦ ટકા અને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ૩૨.૫ ટકા વોટ મળ્યા હતા. મણિપુરમાં ૨૦૧૪માં ભાજપને ૧૧.૯ ટકા અને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં વધારા સાથે ૩૬.૩ ટકા વોટ મળ્યા હતા. જો કે પંજાબમાં ૨૦૧૪માં ૮.૭ ટકા અને ૨૦૧૭ની વિધાનસભામાં ૫.૪ ટકા, યુપીમાં ૨૦૧૪માં ૪૨.૩ ટકા અને ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ૩૯.૭ ટકા વોટ ભાજપને મળ્યા હતા. જ્યારે ઉત્તરાખંડમાં ભાજપને ૨૦૧૪માં ૫૫.૩ ટકા અને ૨૦૧૭ની વિધાનસભામાં ૪૬.૫ ટકા વોટ પ્રાપ્ત થયા હતા. ગુજરાતમાં ૨૦૧૪માં ૬૦.૧૧ ટકા અને ૨૦૧૭ની વિધાનસભામાં ૪૮.૮ ટકા વોટ, હિમાચલપ્રદેશમાં ૨૦૧૪માં ૫૩.૩૧ટકા અને ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ૪૮.૮ ટકા વોટ ભાજપને મળ્યા હતા. મેઘાયલમાં ૨૦૧૪માં ૮.૯ ટકા અ ૨૦૧૮ની વિધાનસભાની ચૂંટણીમાં નજીવા વધારા સાથે ૯.૬ ટકા વોટ મળ્યા હતા. જ્યારે ત્રિપુરામાં ૨૦૧૪માં માત્ર ૫.૭ ટકા અને ૨૦૧૮ની વિધાનસભામાં ધરખમ વધારા સાથે ૪૩ ટકા વોટ મેળવી ભાજપને મોટી જીત મળી હતી. તો નાગાલેન્ડમાં ૨૦૧૪માં ભાજપને બિલકુલ પસંદ કરવામાં આવ્યું ન હતું અને ૨૦૧૮માં ભાજપને ૧૫.૪ ટકા વોટ નાગાલેન્ડમાંથી મળ્યા હતા. જ્યારે કર્ણાટકમાં ૨૦૧૪માં ૪૩ ટકા અને ૨૦૧૮ની વિધાનસભાની ચૂંટણીમાં ૩૬.૩૫ ટકા વોટ મળ્યા હતા. તો છત્તીસગઢમાં ૨૦૧૪માં ૪૮.૭ ટકા અને ૨૦૧૮ની વિધાનસભા ચૂંઠણીમાં ૩૩ ટકા, મધ્યપ્રદેશમાં ૨૦૧૪માં ૫૪ ટકા અને ૨૦૧૮ની વિધાનસભાની ચૂંટણીમાં ૪૦.૯ ટકા, રાજસ્થાનમાં ૨૦૧૪માં ૫૪.૯ ટકા અને ૨૦૧૮ની વિધાનસભામાં ૩૮.૮ ટકા વોટ ભાજપને મળ્યા હતા. જ્યારે મિઝોરમમાં ૨૦૧૪માં શૂન્ય ટકા સામે ૨૦૧૮ની વિધાનસભામાં આઠ ટકા અને તેલંગાણામાં ૨૦૧૪ના ૮.૫ ટકા સામે ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં ૭.૧ ટકા વોટ ભાજપને પ્રાપ્ત થયા હતા.

બિહારમાં ૨૦૧૫માં વિધાનસભાની ચૂંટણીમાં આરજેડી-જેડીયુ-કોંગ્રેસ મહાગઠબંધનને જીત મળી હતી. આ વોટિંગ પેટર્ન પ્રમાણે ૨૦૧૯માં વોટિંગ થાય, તો બિહારમાં આરજેડીની બેઠકો ચારમાંથી ૧૨, જેડીયુની બેઠક બેમાંથી આઠ થવાની સંભાવના છે. જો કે જેડીયુ હવે એનડીએમાં સામેલ છે. ૨૦૧૫માં દિલ્હીમાં આમ આદમી પાર્ટીને ૭૦માંથી ૬૭ વિધાનસભા બેઠકો પર જીત મળી હતી. ૨૦૧૯માં દિલ્હીમાં આ પેટર્ન પર વોટિંગ થાય,તો દિલ્હીની સાત બેઠકો ભાજપ પાસેથી આમ આદમી પાર્ટીના ખાતામાં જાય છે. તેલંગાણામાં વિધાનસભાની ચૂંટણી જેવી વોટિંગ પેટર્ન રહે, તો ૨૦૧૯માં ૧૧ના સ્થાને ૧૫ બેઠકો ટીઆરએસને મળી શકે તેમ છે. આવી રીતે પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની ટીએમસીની ૩૪ બેઠકો ૩૮માં ફેરવાઈ શકે છે. તમિલનાડુમાં એઆઈએડીએમકેની બેઠક ૩૭માંથી ૩૪ થવાની સંભાવના છે. તો આ વોટિંગ પેટર્ન પર ઓડિશામાં બીજેડીને ૨૦ના સ્થાને ૨૧, જ્યારે તેલુગૂદેશમ પાર્ટીને ૧૫ અને અન્યને ૯૯ બેઠક મળવાની શક્યતા છે. આંધ્રપ્રદેશમાં ટીડીપી હવે એનડીએની સાથે નથી. જ્યારે તમિલનાડુમાં જયલલિતા અને કરુણાનિધિ પણ હવે નથી. તેથી અહીં વોટિંગ પેટર્ન બદલાવાની પુરી સંભાવના છે. યુપીમાં ૨૦૧૭ની વોટિંગ પેટર્ન પર ૨૦૧૯માં મતદાતા વોટ કરે તો સમાજવાદી પાર્ટીને પાંચ અને બહુજન સમાજ પાર્ટીને ત્રણ બેઠકો મળી શકે છે. જો કે હવે યુપીમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના ગઠબંધનને કારણે ભાજપને વધુ આકરી ટક્કર મળવાની સંભાવનાઓ રાજકીય બાબતોના જાણકારો દર્શાવી રહ્યા છે.

અંગ્રેજી અખબાર લાઈવ મિન્ટ પ્રમાણે, લોકસભા ચૂંટણી બાદની વિધાનસભા ચૂંટણીની પેટર્ન પર ૨૦૧૯માં વોટિંગ થશે તો ભાજપને ૨૧૯ બેઠકો મળે તેવી સંભાવના છે. ૨૦૧૪માં ભાજપને ૨૮૨ બેઠકો મળી હતી. જ્યારે ૨૦૧૪માં ૪૪ બેઠકો પર જીત મેળવનારી કોંગ્રેસને વિધાનસભાની ચૂંટણીની વોટિંગ પેટર્નના આધારે ૨૦૧૯માં વોટિંગ થાય તો ૯૭ બેઠકો મળવાની સંભાવના છે. એટલે કે એક તો કોંગ્રેસમુક્ત અભિયાનના નામે કોંગ્રેસયુક્ત ભાજપ ૨૦૧૯માં ધાર્યો રાજકીય પ્રભાવ જમાવી શકશે નહીં. તો તેની સામે મોદી મેજિક બેઅસર થવાને કારણે અન્ય કોઈ હિંદુ અંતરમનની આકાંક્ષાને અનુરૂપ રાજકીય વિકલ્પના અભાવમાં કોંગ્રેસ ફરીથી બેઠી થવા લાગશે.

૨૦૧૪માં નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બન્યા બાદ ૧૫ રાજ્યોમાં લોકસભાની ૨૭ બેઠકો પર પેટાચૂંટણી થઈ હતી. આ ૨૭ લોકસભા બેઠકોમાંથી ૧૬ પર એનડીએનો કબજો હતો, પરંતુ પેટાચૂંટણીમાં એનડીએ માત્ર નવ બેઠકો બચાવી શકી છે અને સાત બેઠકો ગુમાવી છે.

# ઝેબર સ્કૂલ ફૉર ચિલ્ડ્રન અને એક્સ્ટ્રામાર્ક્સ દ્વારા અર્થપૂર્ણ શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે 'ડિસ્કવરીંગ મી'પ્રત્યયાત્મકક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ

*ડિસ્કવરીંગ મી...! એક ક્વિઝ સ્પર્ધા છે, જે વિદ્યાર્થીમાં રહેલી સાચી ક્ષમતાઓને બહાર લાવે છે, જ્યાં તે સિદ્ધાંતો પર રહી તેના વાસ્તવિક શિક્ષણ આધારને વધુ સારો દર્શાવી અને સાબિત કરી શકે છે.*

*દરેક સવાલ માટે તેની પાસે હોય છે 'કેમ...!' અને તેની પાસે તેના અનુભવથી તેનો જવાબ હોય છે;જે તેના જીવનકાળ માટેનું શિક્ષણ બની જાય છે.*

*અમે સાથે મળી વિતરિત શિક્ષણને સ્થાપિત કરવા માંગીએ છીએ, જે વધુ વિદ્યાર્થી મિત્ર છે અને શિખવાના વાતાવરણને ઉત્સાહિત કરે છે.. જે જીવનભર યાદ રહે છે અને તેને ગમે ત્યારે ગમે ત્યાં મદદ કરે છે.*

*ડિસ્કવરીંગ મી, પ્રાયોગિક શિક્ષણ પ્રત્યે વિદ્યાર્થીઓના ઝૂકાવને સમજવા માટેના હેતુ સાથે શરૂ કરવામાં આવી હતી, જે ક્વિઝના પ્રથમ રાઉન્ડ માટે ૫૩,૦૦૦ વિદ્યાર્થીઓની ભારે સહભાગીતા સાથે સમગ્ર રાજયમાં અદભૂત ભાગીદારીને દર્શાવે છે, જે મોબાઈલ એપ્લિકેશન પર આધારિત હતી.*

*શ્રી શૈશવ કાયસ્થ, જે મુખ્યત્વે આધુનિક શિક્ષણ લર્નિંગ પેટર્નની અનુકૂળતા તરફ શિક્ષણને બદલવા માટે જાણીતા છે તેઓએટેક્નોલૉજીના માધ્યમથી તેને એક અદભૂત રૂપાંતર આપીને આગળ ધપાવ્યુ છે અને ક્વિઝ શોના કદને વિશાળ બનાવવા માટે રાજ્યના દરેક ભાગના વિદ્યાર્થીઓ સુધી પહોંચ બનાવી છે.*

*શ્રી મનન ચોકસીની સેક્ટરમાં તેઓના વર્ષોના અનુભવ સાથે શિક્ષણમાં સર્વશ્રેષ્ઠતા લાવવા માટેની સંકલ્પનાએ ડિસ્કવરીંગ મી ૨૦૧૮ને પ્રોત્સાહન અને જન્મ આપ્યો, જ્યાં અર્થપૂર્ણ શીક્ષણાર્થીઓ માટે લીગ બનાવવા અને રાજયભરમાં તેને સ્વીકાર્ય બનાવવા માટે તેમની વ્યક્તિગત રુચિએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.*




*ઝેબર સ્કૂલ ફૉર ચિલ્ડ્રન અને એક્સ્ટ્રામાર્ક્સ દ્વારા અર્થપૂર્ણ શિક્ષણને પ્રોત્સાહિત કરવા માટે 'ડિસ્કવરીંગ મી'પ્રત્યયાત્મકક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ*

*ડિસ્કવરીંગ મી...! એક ક્વિઝ સ્પર્ધા છે, જે વિદ્યાર્થીમાં રહેલી સાચી ક્ષમતાઓને બહાર લાવે છે, જ્યાં તે સિદ્ધાંતો પર રહી તેના વાસ્તવિક શિક્ષણ આધારને વધુ સારો દર્શાવી અને સાબિત કરી શકે છે.*

*દરેક સવાલ માટે તેની પાસે હોય છે 'કેમ...!' અને તેની પાસે તેના અનુભવથી તેનો જવાબ હોય છે;જે તેના જીવનકાળ માટેનું શિક્ષણ બની જાય છે.*

*અમે સાથે મળી વિતરિત શિક્ષણને સ્થાપિત કરવા માંગીએ છીએ, જે વધુ વિદ્યાર્થી મિત્ર છે અને શિખવાના વાતાવરણને ઉત્સાહિત કરે છે.. જે જીવનભર યાદ રહે છે અને તેને ગમે ત્યારે ગમે ત્યાં મદદ કરે છે.*

*ડિસ્કવરીંગ મી, પ્રાયોગિક શિક્ષણ પ્રત્યે વિદ્યાર્થીઓના ઝૂકાવને સમજવા માટેના હેતુ સાથે શરૂ કરવામાં આવી હતી, જે ક્વિઝના પ્રથમ રાઉન્ડ માટે ૫૩,૦૦૦ વિદ્યાર્થીઓની ભારે સહભાગીતા સાથે સમગ્ર રાજયમાં અદભૂત ભાગીદારીને દર્શાવે છે, જે મોબાઈલ એપ્લિકેશન પર આધારિત હતી.*

*શ્રી શૈશવ કાયસ્થ, જે મુખ્યત્વે આધુનિક શિક્ષણ લર્નિંગ પેટર્નની અનુકૂળતા તરફ શિક્ષણને બદલવા માટે જાણીતા છે તેઓએટેક્નોલૉજીના માધ્યમથી તેને એક અદભૂત રૂપાંતર આપીને આગળ ધપાવ્યુ છે અને ક્વિઝ શોના કદને વિશાળ બનાવવા માટે રાજ્યના દરેક ભાગના વિદ્યાર્થીઓ સુધી પહોંચ બનાવી છે.*

*શ્રી મનન ચોકસીની સેક્ટરમાં તેઓના વર્ષોના અનુભવ સાથે શિક્ષણમાં સર્વશ્રેષ્ઠતા લાવવા માટેની સંકલ્પનાએ ડિસ્કવરીંગ મી ૨૦૧૮ને પ્રોત્સાહન અને જન્મ આપ્યો, જ્યાં અર્થપૂર્ણ શીક્ષણાર્થીઓ માટે લીગ બનાવવા અને રાજયભરમાં તેને સ્વીકાર્ય બનાવવા માટે તેમની વ્યક્તિગત રુચિએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.*

# જીવનતીર્થ ફાઉન્ડેશન દ્વારા એન્યુઅલ ડે નિમિતે ક્રિસમસની અનોખી રીતે ઉજવણી

*અમદાવાદ, ડિસેમ્બર, ૨૦૧૮ : ક્રિસમસ નિમિતે જીવનતીર્થ ફાઉન્ડેશન દ્વારા તકવંચિત સમાજના બાળકોના આનંદ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૦૦૦ બાળકો ઉપસ્થિત રહ્યા હતા જેમાં જીવનતીર્થ બાલ સંસ્કાર કેન્દ્ર, કન્યા કેળવણીની કન્યાઓ, રોજગારલક્ષી તાલીમ કેન્દ્રના વિદ્યાર્થીઓ , મહિલા બચત મંડળની બહેનો, આર.ટી.ઈ પ્રોજેક્ટના બાળકો અને અનુસંધાન સંસ્થાના બાળકો હતા. તેમાં ૨૫૦ બાળકોએ આ કાર્યક્રમમાં ભાગ લઈ સાંસ્કૃતિક કાર્યક્રમ, પર્યાવરણ વિશે, બેટી બચાઓ બેટી પઢાઓ અને પ્લાસ્ટિક ફ્રી જેવા નાટકો કરી લોકોને*



*જાગૃતતા આપી હતી.*

*આ કાર્યક્રમમાં જીવનતીર્થના ટ્રસ્ટી રાજુદીપ્તી, જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશનના ડેપ્યુટી વર્લ્ડચેરમેન બળદેવભાઈ પટેલ, લાઈન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ચેરમેન ગીરીશભાઈ પટેલ, ગોડ બ્લેસ ફાઉન્ડેશનના ટ્રસ્ટી દિપકભાઈ હડકર અને આત્મીય ફાઉન્ડેશનના ટ્રસ્ટી બિન્દ્રાબેન વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા હતા.*

# આઈએનઆઈએફડી ગાંધીનગર ખાતે ક્રિસમસ ની અનોખા અંદાજ માં ઉજવણી કરવામાં આવી



ડિસેમ્બર ૨૦૧૮:આઈએનઆઈએફડી ગાંધીનગર અવનવા પ્રયોગોકરવા માટેજાણીતું છે એ પછી ડિજાઈન ને લાગતુંહોયકેકોઈતહેવાર ની ઉજવણી ને લાગતુંઆઈએનઆઈએફડી ગાંધીનગર ના વિદ્યાર્થીઓકંઈક અનોખા અંદાજ માંરહેતાહોય છે. આવર્ષે ક્રિસમસ ની પણ અનોખા અંદાજ માંઉજવણી કરવામાં આવી જે માં દરેક વિદ્યાર્થીઓ સાન્તાબન્યાહતાઅનેએકબાઉલ માં ૧૦૦ જુદીજુદીગિફ્ટ્સ ના નામ ની ચિઠ્ઠીઓ મુકવામાંઆવીહતીઅનેએકબીજા ને દેખાડ્યા વગરગિફ્ટઆપવામાંઆવ્યાહતાઅને સાથેજવિદ્યાર્થીઓદ્વારા ક્રિસમસ ને લાગતુંડેકોરેશન પણ કરવામાંઆવ્યુંહતુંઅનેએ મુજબ ના ડિઝાઇન્સ પણ બનાવવામાંઆવ્યાહતા.

**આઈએનઆઈએફડી ગાંધીનગર ના ડિરેક્ટરવિશાલ મકવાણાએ જણાવ્યુંકે"** આ રીતેજયારે વિદ્યાર્થીઓદરેક સમયેકંઈક નવુંકરે છે ત્યારે અમને ખુબજ ગર્વથાય છે અનેઆ વખતે જે રીતે બાળકો એ ડિઝાઇન્સ બનાવ્યાઅનેડેકોરેશન કર્યુંતે ખરેખર ખુબજ સરસ હતું અમે આ પ્રકાર ના સેલિબ્રેશન થકીબાળકો માંરહેલા નવા ગુણો ને શોધવાનો પ્રયત્ન કરતાહોઈએછીએઅને અમને સફળતા પણ મળે છે."

# એશિયા-આફ્રિકન અને સિએરા લીનો વચ્ચેના ઉદ્યોગ સહયોગના પ્રમોશન પર એમઓયુ સાઈન થયા

એશિયા-આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (એએસીસીઆઈ) અને સીએરા લિયોન ઑફ કોમર્સ ઇન્ડસ્ટ્રી એન્ડ એગ્રીકલ્ચર એ નાઇજિરીયાના લાગોસમાં એશિયન આફ્રિકન ચેમ્બર ઓફ કોમર્સ ગર્વનિંગ કાઉન્સિલ અને બોર્ડ એડવાઇઝરી સભા દરમિયાન ૮ ડિસેમ્બર ૨૦૧૮ ના રોજ મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેસ્ટિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કર્યા હતા.

સીએરા લિઓન માટેના એમઓયુમાં સીએરા લિઓન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનું પ્રતિનિધિત્વ કરતા એએસીસીઆઈના સ્થાપક અને અધ્યક્ષ, ડૉ. જી ડી સિંહ દ્વારા સહીરા લિઓન પર હસ્તાક્ષર કર્યા હતા.

એમઓયુ હેઠળ, એએસીસીઆઈ અને એસએલસીસીઆઇ વ્યવસાયિક સંબંધોને મજબૂત કરશે અને પારસ્પરિક સહકાર વિકસાવશે અને બે ચેમ્બર્સ વચ્ચે મજબૂત વ્યવસાયિક સંબંધો વિકસાવવા માટે એક વ્યવહારિક માળખું સ્થાપિત કરશે.

એએસીસીઆઈ અને એસએલસીસીઆઇ ચર્ચાઓ માટેના વાટાઘાટો અને પ્લેટફોર્મની ટકાઉ પદ્ધતિને સ્થાપિત કરવા માટે પોતાના વચ્ચે મજબૂત સંસ્થાકીય, વેપાર અને વ્યવસાયિક સંબંધો વિકસાવશે.




આ એમઓયુ પર હસ્તાક્ષર કરવાથી બે ચેમ્બર ઔદ્યોગિક સહયોગ મિકેનિઝમ અને પ્લેટફોર્મને સંસ્થાગત બનાવવામાં સક્ષમ બને છે, જે બદલામાં, ઉદ્યોગ, રોકાણ અને તકનીકી સહકાર ક્ષેત્રોમાં નજીકના સંબંધોને સમાન અને પરસ્પર-લાભકારી ધોરણે વધારવામાં મદદ કરે છે.

એશિયન-આફ્રિકન અને સીએરા લિઓન કંપનીઓને હંમેશાં વધતા વૈશ્વિક બજારને ટેપ કરવા અને વ્યવસાયની તકો બનાવવા માટે આ સહાયરૂપ બનશે.

# અનિલ કપુર તેમજ સોનમ કપુર એકસાથે નજરે પડશે

એજન્સી દ્વારા

મુંબઈ,તા. ૨૫

ફિલ્મ નિર્માતા વિધુ વિનોદ ચોપડા હવે અનિલ કપુર અને પુત્રી સોનમ કપુરને લઈને ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મ હવે પુર્ણાહુતિના આરે છે. ફિલ્મમાં અનિલ કપુર અને સોનમ કપુરની ભૂમિકા છે. ફિલ્મ પહેલી ફેબ્રુઆરી ૨૦૧૯ના દિવસે રજૂ કરવામાં આવનાર છે. આ ફિલ્મનુ નામ એક લડકી કો દેખા તો એસા લગા રાખવામાં આવ્યુ છે. મળેલી માહિતી મુજબ આ ફિલ્મને વિધુની બહેન શેલી ચોપડા નિર્દેશન કરી રહી છે. આ સંબંધમાં વાત કરતા વિધુ વિનોદ ચોપડાએ વિગત આપતા કહ્યુ છે કે આ એક ખુબ મોટી બાબત છે. તે આને લઈને ખુબ ઉત્સાહિત છે. અનિલ કપુરની સાથે ફિલ્મને લઇને તેઓ પહેલાથી જ આશાવાદી હતા. અનિલ કપુર અને સોનમ એક સાથે કામ કરી રહ્યા છે. અનિલ કપુર તો વિતેલા વર્ષોમાં સુપર સ્ટાર તરીકે હતો. તેની બોલબાલા સમગ્ર ભારતમાં જોવા મળી હતી.

**Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387 RNI NO. GUJGUJ/2012/48123**

# આઈઆઈએમ સિરમૌરે "બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ" પર પ્રથમ નેશનલ ડૉક્ટોરલ કોલોક્વિયમનું ઉદ્ઘાટન કર્યું

ડિસેમ્બર, ૨૦૧૮: આઈઆઈએમ સિરમૌરે "બિઝનેસ એન્ડ મેનેજમેન્ટ" પર પ્રથમ નેશનલ ડૉક્ટોરલ કોલોક્વિયમનું ઉદ્ઘાટન કર્યું. ત્રણ દિવસીય કાર્યક્રમનું આયોજન ૧૮ થી ૨૦ ડિસેમ્બર, ૨૦૧૮ દરમિયાન કરવામાં આવ્યું. કોલોક્વિયમે એક એવા મંચની ભૂમિકા નિભાવી, જેના માધ્યમથી અનુસંધાનકર્તાઓને પ્રકાશન તથા શોધ કર્યોની જટિલતાઓને સમજવાનો અવસર મળ્યો. આ સિવાય પ્રતિભાગીઓને એક અનૌપચારિક વાતાવરણમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય વિદ્વાનો સાથે પોતાના વિચાર શેર કરવા તથા શોધકાર્યો પર અર્થપૂર્ણ વાતચીત કરવાની તક મળી. કાર્યક્રમનું ઉદ્ઘાટન પ્રોફેસર (ડૉ.) નીલૂ રોહમેત્રા, ડાયરેક્ટર- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ સિરમૌર દ્વારા કરવામાં આવ્યું.




પ્રતિભાગીઓની પસંદગી એક પ્રતિસ્પર્ધી પ્રક્રિયા દદ્વારા અરવામાં આવી, જે વર્તમાનમાં આઈઆઈએમ ઈન્દોર, આઈઆઈએમ રોહતક, આઈઆઈટી ખડગપુર, આઈઆઈએફટી દિલ્હી, એફએમએસ દિલ્હી, આઈઆઈઆઈટી અલ્હાબાદ, મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન અમદાવાદ, આઈઆરએમએ આણંદ, મોતીલાલ નેહરૂ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અલાહાબાદ, એનઆઈટીઆઈઈ મુંબઈ, બીઆઈટીએસ પિલાની, ચંદીગઢ યુનિવર્સીટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં શોધ કરી રહ્યા છે. ત્રણ દિવસ દરમિયાન ઘણા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા અને વિચાર વિમર્શ કરવામાં આવ્યું જેમ કે એકેડમિક લેખકી આવશ્યકતા, સમીક્ષા પ્રક્રિયા, કોઈપણ એકેડમિક લેખને પ્રભાવિત કરનાર પરિબળો અને થિયરીઓ વિકાસ વગેરે.

# મહેસાણામાં કેટીએમ દ્વારા રોમાંચક સ્ટંટ શો યોજાયો

મહેસાણા, ડિસેમ્બર, ૨૦૧૮: યુરોપીયન રેસિંગ લિજેન્ડ કેટીએમ દ્વારા મહેસાણામાં કેટીએમ સ્ટંટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટંટ શોનું આયોજન માઈન્ડ બ્લોઈંગ સ્ટંટ રાઈડ્સ અને ટ્રીક્સ પ્રોફેશનલ સ્ટંટ રાઈડર્સ દર્શાવવા માટે થયું હતું. ઉપરાંત, ચાહકોને નવી લોંચ કરવામાં આવતી અને ડ્યુક ૧૨૫ એબીએસની રાહ જોવાની તક મળી હતી.

આ સ્ટંટ શોનું આયોજન વર્ધમાન વિદ્યાલય સ્કૂલ, મહેસાણા ખાતે કરાયું હતું. પ્રોફેશનલ સ્ટંટ ટીમે કેટીએમ ડ્યુક બાઈક્સ પર શ્વાસ થંભાવી દે એવા સ્ટંટ દર્શાવ્યા હતા.

બજાજ ઓટો લિ.માં પ્રોબાઈકીંગના પ્રેસિડન્ટ અમિત નંદીએ કહ્યું હતું, 'કેટીએમ બ્રાન્ડ તેની હાઈ પર્ફોર્મન્સ રેસિંગ બાઈક્સ માટે જાણીતી છે અને અમે હંમેશા અમારા ગ્રાહકોને કેટીએમ બાઈક આપી શકે છે એ રોમાંચ અને સાહસનો અનુભવ આપવા માગીએ છીએ. પ્રોફેશનલ સ્ટંટ દરેક મોટા શહેરમાં કરવામાં આવે છે અને નજીકના ભવિષ્યમાં તેનો વ્યાપ વધારાશે. કેટીએમ એક એક્સ્લુઝિવ પ્રિમિયમ બ્રાન્ડ છે અને અમે કેટીએમ ગ્રાહકોને યુનિક કેટીએમનો અનુભવ સુનિશ્ચિત રીતે



આપવા આતુર છીએ.' આ ઈવેન્ટ તમામ લોકો માટે આયોજિત હતી અને આ રોમાંચક સ્ટંટથી શહેરમાં ધૂમ મચી હતી.

અત્યાર સુધીમાં કેટીએમ સ્ટંટ શોનું આયોજન કાંચીપુરમ, કોઈમ્બતુર, ચેન્નઈ, વિજયાપુર, લખનૌ, ઈન્દોર, ઔરંગાબાદ, જમ્મુ, રાજકોટ, જલંધર, જોધપુર, અંકલેશ્વર, પાલનપુર, વાપી, વડોદરા, વલસાડ, પોરબંદર, સુરત અને અન્ય શહેરોમા થયું છે.

# અવિનાશ સચદેવ મુંબઈ છોડવાનું કારણ શા માટે શોધી રહ્યો છે?

અનેક નોંધનીય શોમાં બેજોડ વ્યક્તિત્વ અને ઉત્તમ ભૂમિકા માટે ઓળખાતો અવિનાશ સચદેવે આ ક્ષેત્રમાં વૈવિધ્યપૂર્ણ પ્રવાસ કરી રહ્યો છે અને હવે તેને શ્ફ પર મૈ ભી અર્ધાંગિની સાથે વધુ એક નવો શો મળ્યો છે, જેમાં આ લોકપ્રિય અભિનેતા પુરુષનું મુખ્ય પાત્ર ભજવતો જોવા મળશે.

અલગ અલગ પ્રકારની વિવિધ ભૂમિકાઓ ભજવતો આ અભિનેતા મુંબઈના ગીચ ઝુંડમાંથી બહાર નીકળવા માગે છે. ખુદ પ્રવાસનો કટ્ટર શોખીન અવિનાશને આગામી ભૂમિકા માટે જયપુરની રેતીઓમાં જવાની ભારે ઉત્સુકતા છે. હું આવી અજોડ સંકલ્પનાનો અગાઉ ક્યારેય હિસ્સો નહોતો અને માધવ જેવું પાત્ર અગાઉ ભજવ્યું નથી અને મૈ ભી અર્ધાંગિની તક તરીકે મારી સામે ચાલીને આવ્યો તે મારે માટે બેગણો લાભ છે. આ શો જયપુરના સુંદર શહેરમાં શૂટ થવાનો હોવાથી હું ભારે રોમાંચિત છું. વ્યસ્ત અને ઝુંડવાળી મુંબઈની લાઈફથી મને થોડો સમય છુટકારો મળશે. નવા સ્થળે પોતાની પર અને મારા કામ પર કેન્દ્રિત રહીશ. હું આ શહેરના અગણિત ગોસિપ્સ અને તાણથી દૂર રહીશ તેની ખુશી છે. ઉપરાંત જો મને કશું નવું અજમાવવા મળે તો હું જીવનમાં મારું મૂળ ખસેડી પણ નાખીશ. મારું નવું વર્ષ શરૂ કરવા માટે આ ઉત્તમ રીતે છે એવું મને લાગે છે,



એમ રોમાંચિત અવિનાશ કહે છે.

રાજસ્થાનની સુંદર પાર્શ્વભૂમાં સ્થાપિત મૈ ભી અર્ધાંગિની સુપરનેચરલ રોમાન્સને એકત્ર લાવે છે, જે માધવની વારતા છે. માધવ શિસ્તપ્રિય પુત્ર છે, પરંતુ તેની સાવકી માતા જુલમી છે. તે ધનાઢ્ય પરિવારનો છે અને ધંધો ચલાવે છે, પંતુ તેના જીવનના પ્રેમને ગુમાવ્યા પછી અસહ્ય યાતનાઓમાંથી પસાર થાય છે. આ ભૂમિકા ભજવવાના જોશ વિશે અવિનાશ કહે છે, માધવ જેવું પાત્ર મેં અગાઉ ક્યારેય ભજવ્યું નથી. આ શુદ્ધ અંતર છે અને સન્માનજનક વ્યક્તિ છે. આ પાત્ર મારી અલગ બાજુ બહાર લાવશે, જે હું ખોજ કરવા માટે ઉત્સુક છું. હું ટીમ જોડે કામ કરવા અને રાજસ્થાનનું સ્થળ અને સંસ્કૃતિ ખોજ કરવા ભારે ઉત્સુક છું.

## હિન્દી કરતા દક્ષણિ ભારતની ફિલ્મો વધારે છે

# બધી એક્ટિંગ કુશળતા છતાં ઈલિયાના હિન્દીમાં નિષ્ફળ

એજન્સી દ્વારા

મુંબઇ,તા. ૨૫

તમામ પ્રકારની કુશળતા હોવા છતાં ઈલિયાના બોલિવુડની ફિલ્મોમાં સફળતા મેળવી લેવામાં સતત નિષ્ફળ સાબિત થઇ રહી છે. અજય દેવગનની સાથે ફિલ્મ બાદશાહોમાં તેની ચર્ચા થઇ હતી. જો કે નામ કરવામાં તે ફરી નિષ્ફળ રહી છે. આ ફિલ્મના ગીતોના કારણે તેની ચર્ચા રહી હતી. સતત નિષ્ફળતાના કારણને તે હતાશ નથી. ઈલિયાના અજય દેવગનની સાથે બે ફિલ્મમાં કામ કરી ગઇ છે. ઈલિયાનાને ટોપ સ્ટાર તરીકે કામ કરવાની તક મળ છે છતાં તેને સફળતા મળી રહી નથી. રૂસ્તમ બાદ તે અજય દેવગનની સાથે બાદશાહો ફિલ્મમાં નજરે પડી હતી. ત્યારબાદ રેડમાં પણ દેખાઇ હતી. હવે હિન્દી અને દક્ષિણ ભારતની ફિલ્મો ઉપરાંત અન્ય ભાષાની ફિલ્મો કરવા માટે પ્રયાસ કરી રહી છે. ઈલિયાના ડી ક્રુઝ પર હવે બોલિવુડ અને દક્ષિણ ભારતની તેની ફિલ્મોમાં વધારે સેક્સી અને દેખાવડી દેખાવવા માટે દબાણ વધી રહ્યુ છે. ઈલિયાના દરેક ભાષાની ફિલ્મમાં કામ કરીને તેની કુશળતા સાબિત કરવા માટે તૈયાર દેખાઇ રહી છે. તેની પાસે હિન્દી ફિલ્મો વધારે આવી રહી નથી. પરંતુ તે દક્ષિણ ભારતની સારી ફિલ્મો મેળવી રહી છે. જેમાં ટોપ સ્ટાર કામ કરી રહ્યા છે. ઈલિયાના માને છે કે તે કોઇ પણ નિયમોમાં રહેવા માંગતી નથી. તેની પાસે આવેલી ફિલ્મો જુદા જુદા રોલ ધરાવે છે.

હાલના દિવસોમાં ઈલિયાના દબાણના તબક્કામાંથી પસાર થઇ રહી છે. સાહસી અને ખુબસુરત ઈલિયાના માને છે કે બોલિવુડમાં ટકી રહેવાની બાબત કોઇ મુસ્કેલ નથી. કારણ કે બોલિવુડમાં કુશળતા મુજબ તમામને ભૂમિકા મળી રહી છે.ખુબસુરત ઈલિયાના નિખાલસપણે કબુલે છે કે એક અભિનેત્રી તરીકે તે હમેંશા અનુભવ કરે છે કે તેને વધુને વધુ ખુબસુરત દેખાવવા માટેના પ્રયાસ કરવા જોઇએ અને આના માટે તે મહેનત પણ કરી રહી છે. ફિલ્મ બરફી મારફતે ઈલિયાનાએ પોતાની કેરિયરની જોરદાર શરૂઆત કરી હતી.

## ભારત-ઓસ્ટ્રેલિયા માટે મેચ નિર્ણાયક રહેશે

# ભારે ઉત્સાહ વચ્ચે આજથી મેલબોર્નમાં ત્રીજી ટેસ્ટ મેચ

### પર્થ ટેસ્ટ મેચ ગુમાવી દીધા બાદ ભારતીય ટીમ પર વધારે દબાણ : રોહિત શર્મા તેમજ મયંક અગ્રવાલનો સમાવેશ

એજન્સી દ્વારા

મેલબોર્ન,તા.૨૫

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની ત્રીજી ટેસ્ટ મેચ આવતીકાલથી શરૂ થઇ રહી છે. આ ટેસ્ટ મેચને લઇને ભારતીય ટીમ પર વધારે દબાણ છે. કારણ કે આ પહેલા પર્થ ટેસ્ટમાં તેની હાર થઇ હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે. ટીમમાં રવિન્દ્ર જાડેજા સહિત ત્રણ ફેરફાર કરવામાં આવ્યા છે. અંતિમ ઈલેવનમાં રોહિત શર્મા અને મયંક અગ્રવાલનો સમાવેશ કરવામાં આવ્યો છે. સતત નિષ્ફળ રહેલી ઓપનિંગ જોડી મુરલી વિજય અને લોકેશ રાહુલને પડતા મુકી દેવામાં આવ્યા છે. ઝડપી બોલર ઉમેશ યાદવ પણ ટીમમાં સ્થાન મેળવી શક્યો નથી. આજે સવારે બીસીસીઆઇ દ્વારા ટ્વીટ કરીને આઈ અંગેની માહિતી આપી હતી. મયંક અગ્રવાલે સ્થાનિક ક્રિકેટમાં ધરખમ બેટિંગ કરી છે. મયંક અગ્રવાલ ભારત તરફથી ટેસ્ટ મેચ રમનાર ૨૯૫મો ખેલાડી બની ગયો છે.અત્રે નોંધનીય છે કે પર્થના મેદાન ખાતે રમાયેલી ચાર ટેસ્ટ મેચોની શ્રેણીની બીજી ટેસ્ટ મેચના પાંચમા અને અને અંતિમ દિવસે ભારતીય ખેલાડીઓ જીતવા માટેના ૨૮૭ રનના ટાર્ગેટ સામે કોઇ પણ સંઘર્ષ કર્યા વગર આઉટ થઇ જતા કરોડો ક્રિકેટ ચાહકોમાં નિરાશાનુ મોજુ ફેલાઇ ગયુ હતુ. ભારતીય ટીમ પર આ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ૧૪૬ રને મોટી જીત મેળવી હતી. આની સાથે જ ટેસ્ટ શ્રેણી હવે ૧-૧થી બરોબર થઇ ગઇ હતી. બંને ટીમો હવે એક એક ટેસ્ટ મેચ જીતી શકી છે. આ શ્રેણી વધારે રોમાંચક બની ગઇ છે. પર્થના નવા સ્ટેડિયમ ખાતે આ પ્રથમ ટેસ્ટ મેચ રમાઇ હતી. વર્ષ ૨૦૧૪ બાદ ૧૨૪ પ્રયાસમાં માત્ર છ ટીમો જ ૨૦૦થી વધારે સ્કોર કરી શકી છે.તે પહેલા એડિલેડ ઓવલ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ જીતીને પ્રવાસી ભારતીય ટીમે ઈતિહાસ સર્જ્યો હતો. ભારતીય ટીમે ઈતિહાસ સર્જીને ઓસ્ટ્રેલિયા પર ૩૧ રને જીત મેળવી લીધી હતી.

ઓસ્ટ્રેલિયાને જીતવા માટે ૩૨૩ રનની જરૂર હતી. જો કે ઓસ્ટ્રેલિયાની ટીમ ૨૯૧ રન કરીને ઓલઆઉટ થઇ ગઇ હતી. આની સાથે જ ભારતની જીત થઇ હતી. ઓસ્ટ્રેલિયામાં રમાયેલી ૪૬ ટેસ્ટ મેચો પૈકી ભારતે માત્ર છ ટેસ્ટ મેચ જીતી છે. વર્ષ ૨૦૦૩-૦૪માં રાહુલ દ્રવિડના કારણે ટીમ ઈન્ડિયાને જીત મળી હતી. મેચને લઇને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. ટીમમાં ઓપનિંગ બેટ્સમેન નિષ્ફળ સાબિત થઇ રહ્યા છે ત્યારે મયંક અગ્રવાલને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. હવે ટીમ ઈન્ડિયા નવી ઓપનિંગ જોડી સાથે મેદાનમાં ઉતરનાર છે. મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ નિવેદન કર્યુ હતુ કે રવિન્દ્ર જાડેજા ઓસ્ટ્રેલિયા આવતા પહેલા સંપૂર્ણ ફિટ ન હતો. રવિ શાસ્ત્રીની તકલીફ હવે વધી ગઇ છે. કારણ કે બીસીસીઆઇ દ્વારા મોડી રાત્રે નિવેદન જારી કરીને કહ્યુ છે કે આ ઓલરાઉન્ડર ઓસ્ટ્રેલિયામાં જારી ટેસ્ટ શ્રેણી માટે બિલકુલ ફિટ ખેલાડી હત. બીજી બાજુ ઓસ્ટ્રેલિયન ટીમમાં પણ મિશેલ માર્શનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારત અને ઓસ્ટ્રેલયાની ટીમો નીચે મુજબ છે.

**ઓસ્ટ્રેલિયા : એરોન ફિન્ચ, માર્કસ હેરિસ, ઉસ્માન ખ્વાજા, શૌન માર્શ, ટ્રેવિસ હેડ, મિશેલ માર્શ, ટીમ પેની (કેપ્ટન), મિશેલ સ્ટાર્ક, પેટ કમિન્સ, નાથન લિયોન, જોશ હેઝલવુડ,**

**ભારત : રાહુલ, વિજય , ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી, રહાણે, રોહિત શર્મા, હનુમા વિહારી, રિશભ પંત, અશ્વીન, મોહમ્મદ શામી, ઈશાંત શર્મા, બુમરાહ, જાડેજા, મયંક અગ્રવાલ.**

## ઓસ્ટ્રેલિયામાં ભારતનો દેખાવ ખુબ નબળો રહ્યો

# ભારતે છેલ્લી ૧૯ ટેસ્ટ મેચ પૈકી માત્ર ૩ ટેસ્ટ મેચો જીતી

### ભારતીય ટીમ શ્રેણી જીતી શકશે કે કેમ તેને લઈને અટકળ

એજન્સી દ્વારા

મેલબોર્ન,તા.૨૫

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલથી મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ત્રીજી ટેસ્ટ મેચ શરૂ થઇ રહી છે. બંને ટીમો વર્તમાન ટેસ્ટ શ્રેણીમાં એક એક ટેસ્ટ જીતી ચુકી છે. આવી સ્થિતીમાં આ ટેસ્ટ મેચ નિર્ણાયક પણ બની શકે છે. ઈતિહાસ પર નજર કરવામાં આવે તો ઓસ્ટ્રેલિયાની ટીમ ભારત કરતા ખુબ આગળ છે. ખાસ કરીને ઓસ્ટ્રેલિયાની જમીન પર ભારતીય ટીમનો કંગાળ દેખાવ રહ્યો છે. આ વખતે સંતોષજનક દેખાવ કરી શકશે કે કેમ તેને લઇને ભારે ચર્ચા છે. પ્રથમ ટેસ્ટ મેચ જીતીને ભારતે સાબિતી આપી દીધી હતી કે તે આ વખતે છેલ્લા ૭૦ વર્ષના ઈન્તજારના ગાળાને પૂર્ણ કરવા માટે તૈયાર છે. જો કે પર્થ ખાતેની બીજી ટેસ્ટમાં ભારતની હાર થઇ હતી. વર્ષ ૨૦૧૪-૧૫થી હજુ સુધી ભારતે ૪૮ પૈકી ૨૭ ટેસ્ટ મેચો જીતી છે. આ ગાળા દરમિયાન ભારતીય ટીમ ટેસ્ટમાં પહેલા નંબર પર પહોંચી ગઇ છે. સ્થાનિક મેદાનમાં શાનદાર દેખાવની સાથે સાથે ભારતે કેટલાક નવા રેકોર્ડ સર્જી દીધી છે. છેલ્લા ૧૭ ટેસ્ટ મેચો પૈકી ભારતે ૧૨ ટેસ્ટ મેચમાં જીત હાંસલ કરી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ પાસેથી કરોડો ચાહક આ અપેક્ષા રાખી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાની ટીમને તેની જમીન પર હરાવવા માટેની બાબત તો સારી સારી ટીમો પણ સરળ રહી નથી. આંકડાની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૦૦ બાદથી ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરનાર ટીમોની હાલત કફોડી રહી છે. ભારતની વાત કરવામાં આવે તો ભારતે વર્ષ ૨૦૦૦ બાદથી ૧૯ ટેસ્ટ મેચ રમી છે. જે પૈકી ભારતને માત્ર ત્રણ ટેસ્ટ મેચ જીતવામાં સફળતા મળી છે. જ્યારે તેની ૧૧ ટેસ્ટમાં હાર થઇ છે. પાંચ ટેસ્ટ ડ્રો રહી છે. ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ શ્રેણી જીતવાની બાબત ભારત માટે મોટી વાત તરીકે રહેશે. કારણ કે વિદેશી ટીમોને ઓસ્ટ્રેલિયામાં હમેશા મુશ્કેલી નડે છે. ઈંગ્લેન્ડે વર્ષ ૧૯૯૦ બાદથી હજુ સુધી માત્ર એક વખત ૨૦૧૦-૧૧માં આ શ્રેણી જીતી હતી. ૭૦ અને ૮૦ના દશકમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પર રાજ કરનાર વેસ્ટ ઈન્ડિઝની ટીમે ઓસ્ટ્રેલિયામાં ૧૫ પૈકી માત્ર ચાર ટેસ્ટ શ્રેણી જીતી છે. એક ડ્રો રમી છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કર્યા બાદથી આફ્રિકાએ સાત ટેસ્ટ શ્રેણીમાં ત્રણ જીતી છે. એક ડ્રો રહી છે. ભારત અને પાકિસ્તાનની ટીમ તો છેલ્લા ૧૧ પ્રવાસમાં ઓસ્ટ્રેલિયામાં શ્રેણી જીતવામાં સફળ સાબિત થઇ શકી નથી. એકબાજુ પાકિસ્તાને ત્રણ સિરિઝ ડ્રો કરાવી છે. ચાર ટેસ્ટ મેચો જીતી છે. ભારતે બે વખત શ્રેણી ડ્રો કરાવી છે.પર્થ ટેસ્ટમાં હાર ખાધા બાદ ભારતીય ટીમ હવે નવી વ્યુહરચના સાથે મેદાનમાં ઉતરી રહી છે. ટીમમાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. જે જોરદાર સંકેત છે.

# હવે સેકસી ઈશા ગુપ્તા ટોટલ ધમાલમાં ટુંકા રોલમાં રહેશે

એજન્સી દ્વારા

મુંબઇ,તા. ૨૫

બોલિવુડમાં સેક્સ સિમ્બોલ તરીકે જાણીતી રહેલી ઇશા ગુપ્તા હાલમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી રહી છે. જેમાં ચર્ચાસ્પદ ટોટલ ધમાલ ફિલ્મનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તે એક દક્ષિણ ભારતની ફિલ્મમાં પણ કામ કરી રહી છે. એક્ટિંગની સાથે સાથે ઇશા હમેંશા મોડલિંગની દુનિયામાં ફોટો શુટ કરાવે છે. તે પોતાના ફોટો હમેંશા ચાહકો સાથે શેયર કરે છે અને ભારે લોકપ્રિયતા મેળવે છે. તે પોતાના ચાહકો સાથે ફોટો શેયર કરીને લાખો લાઇક્સ મેળવે છે. તેના ઈન્સ્ટાગ્રામ પર લાખો ચાહકો છે. તે વારંવાર ફોટો મુકતી રહે છે. તે બિકિની અવતારમાં તો કેટલીક વખત નજરે પડી ચુકી છે.



જેમાં તે હમેંશા સુપરહોટ તરીકે નજરે પડે છે.મોડલિંગ વર્લ્ડમાં તે વધારે સક્રિય રહે છે. ઈશા ગુપ્તાએ હવે નવા ફોટો રજૂ કર્યા છે. થોડાક દિવસ પહેલા તે સ્વિમ શુટમાં ફોટો રજૂ કરી ચુકી છે. તે ટોટલ ધમાલ નામની ફિલ્મમાં કામ કરી રહી છે. જેમાં અજય દેવગન, અનિલ કપુર, માધુરી દિક્ષિત, રિતેશ દેશમુખનો પણ સમાવેશ થાય છે. ઈશા ગુપ્તા બોલિવુડમાં છેલ્લા કેટલાક સમયથી હોવા છતાં વધારે મોટી સફળતા હાંસલ કરી શકી નથી. તે દક્ષિણ ભારતની એક ફિલ્મમાં કામ કરી રહી છે.જેમાં વિનય વિધેય રમાનો સમાવેશ થાય છે. જેમાં તે દક્ષિણના સ્ટાર ગણાતા રામ ચરણની સાથે નજરે પડનાર છે. રામચરણ સાથે તેને ફિલ્મ મળતા તે ભારે ખુશ છે. તે અન્ય ભાષાની ફિલ્મો કરવા માટે પણ આશાવાદી છે. રામચરણના ચાહકો પણ ફિલ્મને લઇને આશાવાદી છે. ફિલ્મનુ શુટિંગ હાલમાં ચાલી રહ્યુ છે. સેક્સી ઈશા ગુપ્તા આવનાર સમયમાં પણ મોટી ફિલ્મો હાંસલ કરવા માટે આશાવાદી છે. તે માને છે કે તેની પાસે મોડલિંગના પણ મોટા કોન્ટ્રાક્ટ હાથમાં આવનાર છે.

# ઈન્ડિયા'સ ગોટ ટેલેન્ટના સેટ પર રણવીર સિંહને વેડિંગ ગિફ્ટ મળી

ઈન્ડિયા'સ ગોટ ટેલેન્ટના મંચ પર ધ સૂફી નિઝામી બ્રધર ગ્રુપે જૂનાં ગીતો ગાઈને અને પોતાના "કવાલી' પરફોર્મન્સથી સૌને રોમાંચિત કરી દીધા હતાં. અંતમાં તેઓએ "દુલ્હે કા સેહરા" ગીત ગાઈને રણવીરને વેડિંગ ગિફ્ટ આપી. આનાથી પ્રભાવિત થઈને રણવીર તેમની સાથે સ્ટેજ પર ગયાં અને તેમની સાથે ડાન્સ કર્યો તથા ગીત ગાયું. આટલું જ નહિ, રણવીરે ત્યાં ઉપસ્થિત ઓડિયન્સ સાથે પણ ડાન્સ કર્યો. જોવાનું ચૂકતાં નહિ, ઈન્ડિયા'સ ગોટ ટેલેન્ટ દર શનિવાર અને રવિવારના રોજ રાત્રે ૧૦ કલાકે, ફક્ત કલર્સ પર.



# બાલ વિકાસ કેન્દ્રના બાળકો માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું

અમદાવાદ, ૨૦૧૮ : ગુરુકુળ મેમનગરમાં આવેલ બાલ વિકાસ કેન્દ્રના બાળકો માટે પોલો ફોરેસ્ટપ્રવાસનું આયોજન કરવામાં આવ્યું જે એક દિવસીય પ્રવાસ માટેનું ઐતિહાસિક સ્થળ છે. જેમાં બાળકોએ પોલો ફોરેસ્ટના કુદરતી વાતાવરણનો આનંદ માણ્યો હતો. પોલો ફોરેસ્ટ હરિયાળીની સાથે વોટરફોલની મજા માટે અનેરું દ્રશ્ય સર્જે છે.




## ઈમરજન્સીમાં યુદ્ધ વિમાન પણ ઉતરી શકશે

# સૌથી લાંબા રેલ-માર્ગ પુલનું મોદી દ્વારા આખરે ઉદ્ઘાટન

### પ્રોજેક્ટમાં વિલંબના લીધે ૮૫ ટકા ખર્ચ વધ્યો : સુરક્ષાની દ્દષ્ટીએ રેલ-માર્ગ પુલ ઉપયોગી સાબિત થશે : અહેવાલ

એજન્સી દ્વારા

ડિબ્રુગઢ,તા. ૨૫

આસામમાં બ્રહ્મપુત્ર નદી પર બનેલા સૌથી મોટા અને લાંબા રેલ-રોડ બ્રિજનું આજે વડાપ્રધાન મોદી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પુલના કારણે અરૂણાચલ અને ચીનની સરહદથી જોડાયેલા અન્ય પ્રદેશોમાં અવર જવર સરળ બનશે. ધેમાજી ડિસ્ટ્રીક્ટ અને ડિબ્રુગઢ જિલ્લા વચ્ચે બનેલા રેલ-રોડ બ્રિજના ઉદ્ઘાટન બાદ મોદીએ આ અંગે વાત કરી હતી. ડિબ્રુગઢમાં સૌથી લાંબા રેલ-માર્ગ પુલનું ઉદ્ઘાટન કરાયું છે. મોદી ખુલ્લી જીપમાં આ પુલ ઉપર ફર્યા હતા. બ્રહ્મપુત્ર નદી પર બોગી બિલમાં બનેલી ૪.૯૪ કિમી લાંબી અને વ્યૂહાત્મક દ્રષ્ટીએ ઉપયોગી આ પરિયોજના આસામના લોકોને જ નહીં બલ્કે દેશના લોકોને રાહત આપશે. સુરક્ષા માટે પણ ઉપયોગી સાબિત થશે. અગ્રીમ મોરચા ઉપર લશ્કરી ચીજવસ્તુઓ લઈ જવામાં ભૂમિકા અદા કરશે. આ પુલ ઉપર ઈમરજન્સીની સ્થિતિમાં હેલિકોપ્ટર પણ ઉતરી શકશે. બોગી બિલ પુલ આસામ સમજૂતિના એક હિસ્સા તરીકે છે. આની ભલામણ અગાઉ કરવામાં આવી હતી. સંકટના સમયે તેની ભૂમિકા ખાસ રહેશે. પૂર્વ વડાપ્રધાન ગૌડાએ ૨૨મી જાન્યુઆરી ૧૯૯૭ના દિવસે આ પુલની આધારશિલા મુકી હતી પરંતુ આ પુલ ઉપર કામગીરી ૨૧મી એપ્રિલ ૨૦૦૨ના દિવસે વાજપેયી સરકારના સમયે શરૂ થઈ શકી હતી. પુલનો શુભારંભ આજે થઈ રહ્યો છે. વિલંબના પરિણામ સ્વરૂપે ખર્ચમાં ૮૫ ટકાનો વધારો થયો હતો. શરૂઆતમાં આના ઉપર ખર્ચનો અંદાજ ૩૨૩૦.૦૨ કરોડ રૂપિયા હતો. જે વધીને ૫૯૬૦ કરોડ રૂપિયા થઈ ગયો છે. આ પુલની લંબાઈ પણ અગાઉની નક્કી કરવામાં આવેલી ૪.૩૧ કિમીથી વધારીને ૪.૯૪ કિલોમીટર કરી દેવામાં આવી છે. બ્રહ્મપુત્ર નદીના ઉત્તરીય કિનાર પર રહેતા લોકોને થતી તકલીફને આના લીધે રાહત થશે. પૂર્વોત્તર રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી પ્રણવ જ્યોતિ શર્માએ કહ્યું છે કે ચીનની સાથે ભારતની ૪૦૦૦ કિમી લાંબી સરહદ પૈકી ૭૫ ટકા હિસ્સો અરૂણાચલ પ્રદેશમાં છે. આ પુલ ભારતીય સેના માટે ખૂબ જ અસરકારક રહેશે. બ્રહ્મપુત્ર નદી પર બોગી બિલ પુલ આસામમાં ડિબ્રુગઢ શહેરી ૧૭ કિમીના અંતરે છે. આનું નિર્માણ ત્રણ લેનના માર્ગો અને ડબલ બ્રોડગેજ ટ્રેક સાથે કરવામાં આવ્યું છે. આ પુલ દેશના પૂર્વોત્તર વિસ્તાર માટે લાઈફ લાઈન સમાન રહેશે. આસામ અને અરૂણાચલપ્રદેશના પૂર્વીય ક્ષેત્રમાં બ્રહ્મપુત્ર નદીના ઉત્તર અને દક્ષિણ વચ્ચેના દરિયાકાંઠા વચ્ચે સંપર્ક વધારશે. આનાથી અરૂણાચલપ્રદેશના જુદા જુદા ભાગોમાં લોકોને રાહત થશે.

# ઈન્ડોનેશિયા સુનામી : મોતનો આંકડો વધીને ૩૯૫ થઈ ગયો

એજન્સી દ્વારા

જાકર્તા,તા. ૨૫

ઈન્ડોનેશિયામાં જ્વાળામુખી ફાટ્યા બાદ ત્રાટકેલા સુનામીના મોજામાં મોતનો આંકડો રોકેટગતિથી વધી રહ્યો છે. આજે વધુ કેટલાક મૃતદેહ મળી આવ્યા બાદ મોતનો આંકડો વધીને ૩૯૫ ઉપર પહોંચી ગયો હતો. ઘાયલ થયેલા લોકોની સંખ્યા સત્તાવાર રીતે ૧૫૦૦ આંકવામાં આવી છે. ઘાયલ પૈકીના કેટલાક હજુ ગંભીર સ્થિતીમાં છે. કાટમાળ હેઠળ લોકોની શોધખોળ ચાલી રહી છે. હવે લોકો જીવિત મળે તેવી શક્યતા ઓછી છે. જો કે બચાવ અને રાહત કામગીરીને જારી રાખવામાં આવી છે. લાપતા થયેલા લોકોની સંખ્યા પણ ખુબ મોટી હોવાનુ જાણવા મળ્યુ છે. હજારોની સંખ્યામાં મકાનો ધરાશાયી થઇ ગયા છે. સુન્ડા સ્ટ્રેટની આસપાસના વિસ્તારોમાં સુનામીના કારણે ભારે નુકસાન થયુ છે. આ વખતે સુનામીના કારણે તમામ નિષ્ણાંતો ભારે પરેશાન છે. કારણ કે આ ક્ષેત્રમાં કોઇ ભૂકંપનો આંચકો આવ્યો ન હતો. એકાએક દરિયામાં ૨૦ ફુટ સુધી ઉંચા મોજા ઉછળવા લાગી ગયા હતા.

# એક જાગૃત વ્યક્તિ સ્વયં પોતાના માટે સાચા માર્ગની પસંદગી કરી લે છે.''- કથાવ્યાસ સાધ્વી સુશ્રી આસ્થા ભારતીજી

અમદાવાદ ડિસેમ્બર-૨૦૧૮ શાસ્ત્રી નગર, શોપિંગ સેન્ટર ગ્રાઉન્ડ, પ્રગતિનગર બસ સ્ટેન્ડની નજીક, અમદાવાદ, ગુજરાત, તારીખ ૨૩ ડિસેમ્બર થી ૨૯ ડિસેમ્બર સુધી આયોજિત ''શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ''નાં દ્વિતીય દિવસનો શુભારંભ કથાવ્યાસ સાધ્વી સુશ્રી આસ્થા ભારતીજીએ પરીક્ષિતની ગાથાથી કર્યો.



સાધ્વીજીએ ભાવિ પેઢી પ્રત્યે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે ''યુવાન કોઈ પણ રાષ્ટ્રની શક્તિ હોય છે'' આજે તમે એક બાજ પક્ષીને ૬ થી ૮ ફૂટ પહોળા એવા ડબ્બામાં મૂકી દો કે જે ઉપરથી ખુલ્લો હોય, તે પક્ષી કોઈ દિવસ નહીં ઉડી શકે. કારણ? બાજ પક્ષી હંમેશા ૧૦-૧૨ પગલાની દોટ મૂકીને જ પોતાની ઉડાન શરૂ કરી શકે છે. ડબ્બામાં દોટ મૂકવા માટે પર્યાપ્ત જગ્યા ન હોવાના કારણે તે ઉડવાની કોશિશ પણ કરતુ નથી, જ્યારે તેની પાસે ઉડવા માટે સક્ષમ પાંખો અને રસ્તો બંને ઉપલબ્ધ છે.

નિ:સંદેહ આ વાત આશ્ચર્ય પમાડે તેવી છે, But just check if our young generation fall in the same category as well....દિશાવિહીન આ પેઢી દારૂ, નશો, માનસિક તાણ જેવી ગંભીર બીમારીઓથી પીડાઈ રહી છે. આપણી માનસિકતા ધારણાઓ અને નકારાત્મક વિચારોનાં સકંજામાં ફસાયેલ છે. દરેક સમસ્યામાંથી નીકળવાની ક્ષમતા અને માર્ગ બંને ઈશ્વરે આપણને આપ્યા છે. બસ થોડુક મસ્તક ઉઠાવીને ઉપર જોવાની જ જરૂર છે. શ્રી આશુતોષ મહારાજજી કહે છે – એક જાગૃત વ્યક્તિ સ્વયં પોતાના માટે ઉચિત દિશા અને સાચા માર્ગની પસંદગી કરી લેતો હોય છે. તેથી સૌથી મહત્વપૂર્ણ બાબત છે – Real Self Awakening અર્થાત આત્માનું જાગરણ. અંતમાં સાધ્વીજીએ સંસ્થાનનાં સામાજિક પ્રકલ્પ 'બોધ'નાં અંતર્ગત યુવાનોને આહવાહન કરતા કહ્યું – આ શ્રીમદ ભાગવત કથા જ્ઞાનયજ્ઞ યુગ-પરિવર્તનનું મહાયજ્ઞ છે. આ યજ્ઞની જ્વાળાથી જ નવા યુગનો ઉદય થશે. જો આ યજ્ઞમાં તમે તમારી આહુતિ નહીં આપી શકો તો સમજી લેજો કે તમારું યૌવન્ય વ્યર્થ ગયું.

## થર્ટી ફર્સ્ટ પહેલા પોલીસની ચકાસણી વધુ તીવ્ર બની

# શામળાજી અણસોલ નજીક લાખોનો વિદેશી દારૂ કબજે

### ઘઉંના ઘાસચારાના પ્લાસ્ટિકના કોથળાની આડમાં સંતાડી દારૂ ઘુસાડવા માટેનો પ્રયાસ પોલીસે નિષ્ફળ બનાવી દીધો

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૨૫

થર્ટી ફસ્ટની ઉજવણીમાં દારૂની રેલમછેલ ના થાય તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જારી કરેલી સૂચના બાદ પોલીસ હાઈએલર્ટ પર છે અને ગુજરાતમાં દારુ ઘુસે નહીં તે માટે પોલીસ સતર્ક બની છે. તો બીજી તરફ બુટલેગર્સ પણ અવનવા કીમિયા અજવામી દારુની હેરફેર કરી રહ્યા છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાનમાંથી આવતા વાહનોનું સઘન ચેકિંગ અને પેટ્રોલિંગ હાથધરાતા અણસોલ ગામ નજીક ટ્રકમાંથી ઘઉંના હુસેલ (ઘાસચારા)ના પ્લાસ્ટિકના કોથળાની આડમાં સંતાડીને ઘુસાડાતો રૂ.૧૭,૭૪,૮૦૦નો વિદેશી દારૂ જપ્ત કરી એક શખ્સને દબોચી લીધો હતો. જો કે, આ દરમ્યાન અન્ય બે આરોપીઓ નાસી છૂટયા હતા.

પોલીસે આ સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એમ.પી.ચૌહાણ અને તેમની ટીમે અણસોલ ગામ નજીકથી રાજસ્થાન તરફથી પસાર થતા ટ્રક (ગાડી.નં.એચઆરઇ ૫૭-૪૬૧૩)માં ઘઉંના હુસેલના પ્લાસ્ટિકના કોથળાની આડમાં સંતાડીને લવાતો ભારતીય બનાવટની જુદી-જુદી કંપનીની વિદેશી દારૂની પેટી નંગ-૪૯૩ જેમાં કુલ બોટલ નંગ-૫૯૧૬ કિં.રૂ.૧૭,૭૪,૮૦૦ જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે આરોપી અનિલકુમાર (રહે, સોનીપત, હરિયાણા)ને ઝડપી લીધો હતો. ઉપરાંત પોલીસે આરોપી પાસેથી જપ્ત કરેલ મોબાઈલ-૨ કિં.રૂ.૨૦૦૦ તથા ટ્રકની કિંમત રૂ.૧૦,૦૦૦૦૦મળી કુલ રૂ.૨૭,૭૬,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ ચેકિંગ જોઈ નાસી છૂટનાર સોનુ મજબિ શેખ (રહે,ભાટિયા કોલોની,ફતેહાબાદ ,હરિયાણા) અને જોગીન્દર જાટ (રહે,જીંદ,હરિયાણા) થતા વિદેશી દારૂ ટ્રકમાં ભરી આપનાર હરિયાણાના મોંજુંખેડા (ચોપટા) ના બુટલેગર સુખવિન્દરસિંગ જરનેલ સીગ જાટ (શીખ) વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## અમદાવાદમાં પણ તાપમાનમાં ઘટાડો થયો

# નલિયા અને ગાંધીનગરમાં પારો ૧૦થી નીચે પહોંચ્યો

### કોલ્ડવેવની ચેતવણી વચ્ચે સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન પારો ૨-૩ ડિગ્રી સુધી ઘટી શકે છે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. આગામી બે દિવસ માટે કોલ્ડવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ખાસ કરીને ભાવનગર, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠામાં કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. રાજ્યના વિવિધ ભાગોમાં પારો ૧૦થી પણ નીચે પહોંચ્યો છે જેમાં નલિયામાં ૯.૩ અને ગાંધીનગરમાં ૯.૬ સુધી પારો પહોંચ્યો હતો. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન સોમવારની સરખામણીમાં ઘટીને ૧૦.૪ ડિગ્રી થઈ ગયું હતું. જયારે ડીસામાં પારો ગઈકાલની સરખામણીમાં આજે વધ્યો હતો અને લઘુત્તમ તાપમાન ૧૧.૪ રહ્યું હતું. ગાંધીનગરમાં પારો ગગડીને ૯.૬ થયો હતો. અમદાવાદમાં ઠંડીનો ચમકારો રહેતા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા. ઠંડીમાં એકાએક વધારો થતાં ગરમ વસ્ત્રોના બજારમાં જોરદાર તેજી જામી છે. હાલમાં મિશ્ર સિઝન હોવાના લીધે નાના બાળકો અને મોટી વયના લોકોને સાવધાન રહેવાનો પણ ગાળો છે. હાલમાં તબીબો પાસે જુદા જુદા પ્રકારના બેવડી સિઝનના ઈન્ફેકશન અને ફુડ પોઈઝનીંગના કેસો સાથે લોકો વધુ આવી રહ્યા છે. અમદાવાદમાં હવે રાત્રિ ગાળામાં ઠંડીના લીધે ટ્રાફિકની સ્થિતિ ઓછી જોવા મળી રહી છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં પારો આવતીકાલે યથાસ્થિતિમાં રહી શકે છે અને તાપમાનમાં નજીવો ફેરફાર જોવા મળી શકે છે. હવામાન વિભાગ તરફથી ચેતવણી જારી કરાયા બાદ ઠંડીને લઈને લોકો સજ્જ છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે લઘુત્તમ તાપમાન આવતીકાલે ૯ ડિગ્રીની આસપાસ રહી શકે છે. હવામાનના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસના ગાળા દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. અમદાવાદમાં આજે દિવસ દરમિયાન ઠંડા પવનો ફુંકાયા હતા અને લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર પણ અસર થઈ છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડી વધવાના સંકેત છે. હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી પણ વ્યકત કરાઇ છે ત્યારે શિયાળાની ઠંડી પ્રેમી નાગરિકો ખુશીની લાગણી વ્યકત કરી રહ્યા છે. હાલમાં નીચલી સપાટી પર ઉત્તરથી ઉત્તર-પૂર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે.

## અકસ્માતમાં વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો

# વિવેકાનંદ હાઈસ્કૂલની બસને ગોધરા નજીક અકસ્માત નડ્યો

### અકસ્માતમાં કલીનરનું મોત અને ૨૪થી વધુ વિદ્યાર્થીઓને નાની મોટી ઈજા : વિદ્યાર્થીને ઉજ્જૈન પ્રવાસે લઇ જવાયા

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૫

હજુ તો સુરતના ટ્યૂશન ક્લાસના બાળકો ડાંગ પ્રવાસે ગયા હતાં અને જે ગોઝારો અકસ્માત નડ્યો તેના આંસુ સૂકાયા નથી ત્યાં તો ગણતરીના કલાકોમાં ફરી એક અકસ્માત થયો હતો. અમદાવાદના નારોલની વિવેકાનંદ હિન્દી હાયર સેકન્ડરી હાઈસ્કૂલની શાળાના વિદ્યાર્થીઓ ભરેલી બસને પંચમહાલના ગોધરાના પરવડી પાસે ગંભીર અકસ્માત નડ્યો હતો. જો કે, આ અકસ્માતમાં શાળાના વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો, પરંતુ બસના ક્લિનરનું મોત થયું હતું. અકસ્માતમાં શાળાના ૨૪ જેટલા વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ થતાં ગોધરાની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતા. આ અંગે મળતી માહિતી મુજબ, શહેરના નારોલ વિસ્તારની વિવેકાનંદ હિન્દી હાયર સેકન્ડરી હાઈસ્કૂલના ૮૫ જેટલા વિદ્યાર્થીઓને લઇને બસ પ્રવાસે નીકળી હતી. વિદ્યાર્થીઓને ઉજૈજન સહિતના સ્થળોએ પ્રવાસ કરાવ્યા બાદ બસ પરત ફરી રહી હતી ત્યારે પંચમહાલના ગોધરાના પરવડી પાસે આ અકસ્માત થયો હતો. પ્રાથમિક જાણકારી મુજબ ડ્રાઈવરે સ્ટેયરિંગ પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓને મધ્ય પ્રદેશના ઉજ્જૈન ખાતે પ્રવાસે લઈ જવાયા હતાં અને ત્યાંથી પરત અમદાવાદ આવતા ગોધરા પાસે આ અકસ્માત થયો. ડ્રાઈવરે સ્ટિયરિંગ પર કાબુ ગુમાવતા ક્લિનરે અચાનક બહાર છલાંગ લગાવી હતી. જેમાં તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જો કે, અન્ય ૨૪ વિદ્યાર્થીઓને સામાન્ય અને હળવી ઈજાઓ પહોંચી હતી. આમ, ગંભીર અકસ્માતમાં વિદ્યાર્થીઓ બચી જતાં શાળા સત્તાધીશો સહિત વિદ્યાર્થીઓના વાલીઓ અને સરકારી તંત્રએ રાહતનો દમ લીધો હતો. ઘટનામાં એક વિદ્યાર્થી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો જો કે હવે હાલત સુધારા પર છે. બાદમાં અમદાવાદ ની વિવેકાનંદ હિન્દી હાયર સેકન્ડર હાઈસ્કૂલ દ્વારા અન્ય બસ ગોધરા ખાતે મોકલવામાં આવી હતી. જે બસમાં વિદ્યાર્થીઓને અમદાવાદ ખાતે પરત લાવવામાં આવ્યા હતા. ગોધરા પોલીસે હાથ ધરેલી તપાસમાં એવી વાત પણ સામે આવી હતી કે, સ્કૂલ બસની ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓ તેમાં સવાર હતાં. બસમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦ ઉપરાંત શિક્ષકો મળી કુલ ૮૫ જેટલા લોકો સવાર હતાં.

ત્રણ દિવસ અગાઉ જ ડાંગના મહાલ-બરડીપાડા માર્ગ પર સુરતના અમરોલીના ૮૨ વિદ્યાર્થીઓ ભરેલી સ્લિપર કોચ બસ પસાર થઇ રહી હતી. ત્યારે અચાનક બસ ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા આ બસ ૩૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૧૦ વિદ્યાર્થીઓના મોત થયા હતાં. બસમાં સુરતના અમરોલીમાં ચાલતા ટ્યુશન ક્લાસિસના વિદ્યાર્થીઓ હતા. અમરોલીમાં આવેલા ગુરુકૃપા એપાર્ટમેન્ટમાં ૭ નંબરના ફ્લેટમાં આ ક્લાસ ચાલતા હતા. નીતા બહેન પટેલ નામની મહિલા આ ટ્યુશન ક્લાસ ચલાવતી હતી. અને નીતા બહેન પોતે જ વિદ્યાર્થીઓને લઈને પ્રવાસ પર ગયા હતા. આ અક્સ્માતને લઇ ટ્યુશન સંચાલક નીતા પટેલ અને ડ્રાઈવર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ પણ નોંધાઇ હતી.

## શહેર સહિત રાજયભરમાં પરમપૂજા યોજાઇ

# શહેર સહિત ગુજરાતભરમાં નાતાલ પર્વની ઉજવણી થઇ

### રંગબેરંગી રોશની અને ફુલોથી ચર્ચને શણગારાયા : ખ્રિસ્તી ભાઇ-બહેનોએ મેરી ક્રિસમસ કહીને શુભેચ્છાઓ પાઠવી

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૫

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે પ્રભુ ઈસુના જન્મદિન એવા નાતાલના તહેવારની ખ્રિસ્તી ભાઈ-બહેનોએ ભારે હર્ષોલ્લાસ અને ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી એકબીજાને મેરી ક્રિસમસ-હેપ્પી ક્રિસમસ કહી નાતાલના તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી. અમદાવાદ શહેર સહિત રાજયભરના ચર્ચ નાતાલના પર્વને લઇ ખાસ પ્રકારે ફુલો અને રંગબેરંગી રોશનીઓ અને ડેકોરેશનથી શણગારવામાં આવ્યા હતા. વિવિધ ચર્ચમાં ખ્રિસ્તી ભાઈ-બહેનોએ ક્રીપ-ગભાણના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને ભગવાન ઈસુ ખ્રિસ્તની પ્રાર્થના કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. નાતાલના તહેવારને લઇ આજે શહેર સહિત રાજયભરના ચર્ચમાં ખાસ પરમપૂજાનું પણ આયોજન કરાયું હતું. ખ્રિસ્તી સમાજના પવિત્ર તહેવાર એવા નાતાલના પર્વને લઇ આજે વહેલી સવારથી જ ખ્રિસ્તી સમુદાયના ભાઇ-બહેનોમાં ભારે ઉત્સાહનો માહોલ હતો. સૌકોઇએ નવા કપડા પહેરી તૈયાર થઇ નાતાલની તૈયારી કરી હતી. સૌપ્રથમ તો ખ્રિસ્તી ભાઇ-બહેનો પોતપોતાના વિસ્તારના નજીકના ચર્ચમાં પરિવાર સાથે પહોંચ્યા હતા અને ત્યાં પ્રભુ ઈસુના જન્મદિન નિમિતે પ્રભુના ખાસ દર્શન કરી પ્રાર્થના કરી હતી અને તેમના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ ખ્રિસ્તી સમુદાયના લોકોએ એકબીજાને નાતાલના પર્વની શુભેચ્છા પાઠવી હતી. શહેર સહિત રાજયના તમામ ચર્ચમાં કરોલ સીંગીંગ અને નાતાલના ગીતોએ પણ ભારે આકર્ષણ જમાવ્યું હતું. ગભાણની રચના, પ્રભુ ઈસુના બાળસ્વરૂપ સહિતના આકર્ષણો સાથે આજે ખાસ પ્રકારે ચર્ચને સજાવવામાં આવ્યા હતા, જે ખરેખર મન મોહી લેતા હતા.નાના બાળકોને સાન્તા કલોઝની જીંગલ બેલ અને ગીફટને લઇ મજા પડી જતી હોય છે, તેથી નાતાલને લઇ તેમની તો ખુશી જ કંઇક ઔર હોય છે. નાતાલના તહેવારને લઇ ખ્રિસ્તી ભાઇ-બહેનોએ પોતપોતાના ઘરોમાં ક્રિસમસ ટ્રી, સ્ટાર, ઝળહળતી રોશની સહિતના આકર્ષણો લગાવી પરિવારજનો અને મહેમાનોને નાતાલના તહેવારની શુભેચ્છા પાઠવી હતી. ખ્રિસ્તી ભાઇ-બહેનોએ મેરી ક્રિસમસ કહી એકબીજાને નાતાલની શુભેચ્છા પાઠવી હતી, તો, મોબાઇલ પર વોટ્સ અપ, ફેસબુક સહિત સોશ્યલ મીડિયા મારફતે મેરી ક્રિસમસ કહી તહેવારની શુભેચ્છા પાઠવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રભુ ઈસુનો જન્મ પ્રેમ, શાંતિ, દયા અને માફીનો સંદેશો લઇને આવે છે અને બધાને પ્રેમ, શાંતિ અને ભાઇચારાથી જીવન જીવવાનું શીખવાડે છે. નાતાલને લઇ સમગ્ર ખ્રિસ્તી સમાજમાં આજે ભારે ખુશી અને હર્ષોલ્લાસનો માહોલ છવાયેલો જોવા મળ્યો હતો.

# તાંત્રિક વિધિ નામે કરોડોની છેતરપિંડી કરનાર પકડાયો

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા.૨૫

રાજકોટ શહેરના કેવડાવાડી વિસ્તારમાં રહી સોનીકામ કરતા બંગાળી કારીગર સાથે એક ગઠિયાએ તાંત્રીક વિધિ કરવાના બહાને રૂા. ૧૨ લાખની મત્તાની કર્યાની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે ચાલી રહેલી તપાસમાં આ ઘટનામાં સુરતના શખ્સની સંડોવણી હોવાનું ખુલ્યું હતું. જેને પગલે ક્રાઈમ બ્રાંચે આરોપી સકરૂદ્દીન ઉર્ફે બાબુ સરાજુલખાનને સુરતમાંથી દબોચી લઈ રૂ.૬.૮૫ લાખની મત્તા કબજે કરી હતી. પોલીસની પૂછપરછમાં આ ગઠીયાએ અન્ય ૭ બંગાળી વેપારીઓ પાસેથી એકના ડબલ કરવાની લાલચે રૂ. ૧.૮૬ કરોડનું સોનુ તેમજ રોકડની ઠગાઈ કરી હોવાનું ખુલ્યું હતુ. જેને પગલે હવે પોલીસે સમગ્ર પ્રકરણમાં ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી હતી. આ સમગ્ર મામલાની વિગત એવી છે કે, તાજેતરમાં સોની બજારમાં રવિરત્ન કોમ્પલેક્ષમાં સોનીકામ કરતા પ્રદીપભાઈ ઘોડાઈને તાંત્રિક વિધિ કરવાનું જણાવી સુરતના સફરૂદીન ઉર્ફે બાબુ સરાજુલખાને રૂ.૧૦.૭૦ લાખની રોકડ અને સોનુ મળી ૧૨ લાખની ઠગાઈ કરી હોવાની ફરિયાદ એ-ડિવિઝન પોલીસમાં નોંધાઈ હતી. આ બનાવની તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે મુળ પશ્ચિમ બંગાળના સફરૂદીનને સુરત પાસેથી ઝડપી લઈ સોનાના ઢાળીયા, મોબાઈલ, રોકડ મળી કુલ રૂા.૬.૭૫ લાખની મત્તા કબજે કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચે સફરૂદીનની આકરી પૂછપરછ શરૂ કરી હતી. આ પૂછપરછમાં સફરૂદીને વિવિધ શહેરોમાં સાગરીતો મારફત તાંત્રિક વિધિના નામે એકના ડબલ કરવાની લાલચ આપી છેતરપીંડી કરતો હોવાનું ખુલ્યું હતું અને પોલીસની તપાસમાં સોની બજારના વધુ ૭ વેપારીઓ ફસાયા હોવાનું પણ જાણવા મળ્યું હતું. તેમજ આ વેપારીઓ ઉઘરાણી કરતા હોવાથી ગઠિયો તેને તાંત્રીક વિધિથી બરબાદ કરી દેવાની ધમકી આપતો હોવાનું પણ જાણવા મળ્યું છે. જેને લઈને પોલીસે ભોગ બનનાર વેપારીઓને પોલીસનો સંપર્ક સાધવાની અપીલ કરી છે.

## ગણપતિ મંદિરોમાં ગણપતિના નાદ ગુંજી ઉઠયા

# અંગારકી સંકષ્ટ ચતુર્થીને લઇ ભકતોનું ઘોડાપુર ઉમટી પડ્યું

### લાલદરવાજાના સિદ્ધિવિનાયક, ગણપતિપુરાના ગણપતિ મહેમદાવાદના સિદ્ધિવિનાયક મંદિરોમાં શ્રદ્ધાળુના દર્શન

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા.૨૫

દરેક શુભ કાર્યની શરુઆત જેમના સ્મરણથી થાય છે તેવા વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની કૃપા મેળવવાના અંગારકી સંકષ્ટ ચતુર્થી દિને આજે અમદાવાદ શહેર સહિત રાજયભરના ગણેશમંદિરોમાં લાખો શ્રધ્ધાળુ ભકતોનું ઘોડાપૂર ઉમટયું હતું. આજે મંગળવાર અને અંગારકી ચતુર્થીનો અનોખો સંયોગ બન્યો હોઇ ગણેશભકતોમાં ભારે ઉત્સાહ અને ભકિતનો માહોલ છવાયો હતો. તો, ગણપતિદાદાને આજે અંગારકી સંકષ્ટ ચતુર્થીને લઇ મોદક, લાડુ સહિતની પ્રસાદીનો ભોગ ધરાવાયો હતો. શહેરના લાલદરવાજા ખાતેના સિધ્ધિ વિનાયક મંદિર, ધોળકા તાલુકાના કોઠ ગામે ગણપતિપુરા ખાતેના સુપ્રસિધ્ધ ગણપતિ મંદિર, મહેમદાવાદના સિધ્ધિવિનાયક, વસ્ત્રાપુરના ગણપતિ મંદિર, શાહીબાગના ગણેશ મંદિર સહિત રાજયભરના ગણપતિ દાદાના મંદિરોમાં આજે ગણેશજી ભગવાનનો વિશેષ સાજ શણગાર કરવામાં આવ્યો હતો. તો, મંદિરને પણ શણગારવામાં આવ્યા હતા, જેને લઇ ભકતોનું આકર્ષણ વધ્યું હતું. અંગારકી ચોથને લઇ આજે ગણેશજી મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, હોમ-હવન અને મહાઆરતીનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. મોડી રાત સુધી ગણેશભકતોએ દાદાના દર્શન માટે પડાપડી કરી હતી. ધોળકાના તાલુકાના કોઠ ગામે સ્થિત ગણપતિ મંદિર ખાતે તો અંગારકી ચોથને લઇ અઢીથી ત્રણ લાખ શ્રધ્ધાળુ ભકતો વહેલી સવારે ચાર વાગ્યાથી ઉમટયા હતા અને મોડી સાંજ સુધી ભકતોએ લાંબી લાઇનોમાં કલાકો સુધી ઉભા રહી દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કોઠ ગણપતિ મંદિરના ટ્રસ્ટી અને પૂજારી કૈલાશગીરી ગોસ્વામી અને મનોજભાઇએ જણાવ્યું હતું કે, અંગારકી ચોથનું શાસ્ત્રોકત દ્રષ્ટિએ પણ અનન્ય મહાત્મ્ય છે કારણ કે, અંગારકી ચોથ કે જેને સંકટ ચતુર્થી પણ કહેવાય છે, તે આખા વર્ષમાં એક કે બે જ વખત આવતી હોય છે. અંગારકી ચોથના દિવસે ગણેશભકતો યથાશકિત દાદાનું પૂજન અને ઉપવાસ કરી ભકિત કરવામાં આવે તો એકવીસ ગણેશ ચોથનું પુણ્ય ફળ આ માત્ર એક અંગારકી ચોથના પૂજનથી જ પ્રાપ્ત થઇ જાય છે, તેથી તેનું સવિશેષ મહત્વ છે. અંગારકી ચોથનો એટલે જ ગણેશભકતોમાં ઘણો મહિમા પ્રવર્તી રહ્યો છે. આજે અઢીથી ત્રણ લાખ ભકતો દાદાના દર્શન માટે ઉમટયા હતા. શ્રધ્ધાળુ ભકતોની દાદાના પ્રત્યેની આસ્થા એટલી બધી છે કે, ભકતોએ બેથી ત્રણ કલાકો સુધી લાઇનમાં ઉભા રહીને પણ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આજે અંગારકી ચોથને લઇ ગણપતિ દાદાને ઉપવાસનો મૌરેયો-કઢીનો ફરાળી પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો, શ્રધ્ધાળુ ભકતો દ્વારા દાદાને બુંદી, મોતીચુરમા અને ગોળના લાડુ ધરાવવામાં આવ્યા હતા. આ મંદિરની ગણપતિદાદાની મૂર્તિ સ્વયંભુ હોઇ તેનો મહિમા અને ચમત્કાર ઘણો છે.

દર વર્ષે લાખો શ્રધ્ધાળુ ભકતો દેશના ખૂણેખૂણેથી અહીં દર્શન માટે આવતા હોય છે. અમદાવાદના લાલદરવાજાના સિધ્ધિવિનાયક, ગણપતિપુરાના સુપ્રસિધ્ધ ગણપતિમંદિર, મહેમદાવાદના સિધ્ધિવિનાયક સહિતના રાજયભરના ગણેશ મંદિરોમાં ગણપતિ બાપાના દર્શન કરવા આજે વહેલી પરોઢથી જ લાખો શ્રધ્ધાળુ ભક્તોની લાંબી લાઇનો લાગી હતી. અંગારકી ચોથના આજના દિવસે દાદાના દર્શન અને એક ઝલક માટે ગણેશભકતો રીતસરની પડાપડી કરી હતી. ગણેશ ભક્તોમાં અંગારકી સંકષ્ટ ચતુર્થીનું અનન્ય મહાત્મ્ય છે. શાસ્ત્રો મુજબ આ એક ચતુર્થી કરવાથી ૨૧ ચોથ કર્યાનું ફળ પ્રાપ્ત થતું હોઇ ગણેશભકતોએ આજે ગણપતિદાદાની વિશેષ પૂજા-અર્ચના, હોમ-હવન અને ભકિત-આરાધના કરી હતી. વિઘ્નહર્તા દેવના લાખો ભક્તોઅ અંગારકી સંકષ્ટ ચતુર્થીના દિવસે ઉપવાસ કરીને પ્રાર્થના-આરાધના સાથે ભગવાન ગણેશજીને પ્રસન્ન કરવાનો, રીઝવવાનો પ્રયાસ કર્યો હતો. શ્રદ્ધાળુ ગણેશભકતોએ આજે દાદાની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે દિવસ દરમ્યાન ગણેશયાગ, ગણપતિ અથર્વશીર્ષ, સંકટનાશન ગણેશસ્તોત્ર સહિતના પાઠ અને ઓમ્ ગં ગણપતયે નમ:ના જાપ કર્યા હતા. જીવનમાં કોઇપણ પ્રકારના વિઘ્નો કે કષ્ટો હોય કે મુશ્કેલી-ત્રાસદી હોય તો વિઘ્નહર્તા દેવ તેને તરત હરી લે છે, તેથી ગણેશભકતોએ આજે તન,મન,ધનથી દાદાની પૂજા કરી તેમને પ્રસન્ન કર્યા હતા.

## દર્દીઓ માટે ૭૫૦ બેડની સુવિધા ઉપલબ્ધ રહેશે

# રાજકોટની એઈમ્સ ૧૨૫૦ કરોડના ખર્ચથી તૈયાર કરાશે

### ચાર વર્ષમાં એઈમ્સ તૈયાર : સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓ અને સગાઓને અમદાવાદ કે મુંબઈ જવા જરૂર નહીં પડે

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૫

રાજકોટને અડીને આવેલા ખંઢેરીમાં એઈમ્સની મંજુરી આપવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા એઈમ્સની અપાયેલી મંજુરી અંગે ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. આ એઈમ્સ મળતા હવે સૌરાષ્ટ્ર અને કચ્છના દર્દીઓને અમદાવાદ કે મુંબઈ સુધી લાંબુ થવું પડશે નહિ. અંદાજે રૂપિયા ૧૨૫૦ કરોડના ખર્ચે ૭૫૦ બેડની બનનારી આ એઈમ્સનું કામ આગામી ચાર વર્ષમાં પુરૂ કરવામાં આવશે. ગુજરાત રાજ્યમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ (એઈમ્સ) માટે ઘણા સમયથી માંગ સાથે વિવાદ પણ રહ્યો હતો. જેમાં વડોદરા અને રાજકોટનાં સ્થળ વિવાદ સહીત જસદણની પેટાચૂંટણી વખતે પણ જાહેરાતનો વિવાદ થયો હતો. આમ છતાં વર્ષો બાદ સૌરાષ્ટ્રવાસીઓની માંગ સંતોષાતા રાજકોટમાં એઈમ્સ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા ગણતરીના દિવસોમાં જ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આ પ્રોજેક્ટને મંજુરી પણ આપી દીધી છે. રાજકોટ નજીક જામનગર રોડ પર આવેલા ખંઢેરી ગામ પાસે ૨૦૦ એકર જમીનમાં એઈમ્સ બનાવવામાં આવશે. અંદાજે રૂપિયા ૧૨૫૦ કરોડના ખર્ચે ૭૫૦ બેડની બનનારી આ એઈમ્સનું કામ આગામી ચાર વર્ષમાં પુરૂ કરવામાં આવશે. જેમાં એઈમ્સ માટેનું કામકાજ આગામી ઓક્ટોબર મહિનામાં શરૂ કરવામાં આવશે. આ એઈમ્સમાં નવી મેડીકલ કોલેજ શરૂ થવા સાથે નવા તબીબોની તબીબી સેવાઓ પણ મળશે. આ એઈમ્સમાં ૨૦ સુપર સ્પેશ્યાલીટી વિભાગો સાથે દરેક પ્રકારના રોગોમાં સારવાર સહીત ઓપરેશનનો પણ થઈ શકાશે. આ એઈમ્સમાં બનનારી નવી મેડીકલ કોલેજમાં એમબીબીએસની ૧૦૦ તેમજ બીએસસી-નર્સિંગની ૬૦ બેઠકો મળશે.